RNI No.: GUJGUJ/2014/59295
www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક
E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 8 * Issue No. 55* Date: 21.12.2021 Tuesday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

### વિશ્વ સહિત ભારતમાં ઓમિક્રોનના ભય અને બેન્કના વ્યાજદરમાં વધારાને પગલે

# ભારતીય શેરમાર્કેટમાં કડાકો : સેન્સેક્ટ ૧૭૮૪ પોઈન્ટ તૂટ્યુ




મુંબઇ,તા.૨૦
વિશ્વભરમાં ઓમિક્રોનના વધતા જતા ખતરા અને વિદેશી રોકાણકારો દ્વારા સતત વેચાણને કારણે ભારતીય બજારમાં ઘટાડાનો દબદબો છે, ઉલ્લેખનીય છે કે ઘરેલુ માર્કેટ પર ઓમિક્રોન અને એફપીઆઈની નિકાસનું દબાણ બનેલું છે. આ કારણે બજારમાં ગત સપ્તાહનો ઘટાડો સોમવારે પણ ચાલુ છે. વેપાર શરૂ થતાં જ સેન્સેક્સ અને નિફ્ટી બંને આશરે એક ટકા જેટલા તૂટ્યા હતા. બજાર ખુલ્યું તે સાથે જ સેન્સેક્સ ૬૭૫ પોઈન્ટ કરતાં પણ વધારે (૧.૧૯ ટકા) ઘટીને ૫૬,૩૩૫ પોઈન્ટે પહોંચી ગયો હતો. એ જ રીતે એનએસઈ નિફ્ટી ૨૧૮.૧૦ એટલે કે ૧.૨૮ ટકા ઘટીને ૧૬,૭૬૫ પોઈન્ટે પહોંચી ગઈ હતી. થોડી મિનિટોના વેપારમાં જ આ ઘટાડો વધુ મોટો થયો હતો.બજારમાં ગત સપ્તાહે ભારે મોટો ઘટાડો નોંધાયો હતો. સેન્સેક્સ ૧,૭૭૪.૯૩ પોઈન્ટ એટલે કે, ૩ ટકા ઘટીને ૫૭,૦૧૧.૭૪ પોઈન્ટ પર બંધ થયો હતો. જ્યારે નિફ્ટી૫૦માં પણ ૫૨૬.૧ પોઈન્ટનો ઘટાડો રહ્યો હતો અને તે ૧૬,૯૮૫.૨ પોઈન્ટ પર બંધ થઈ હતી. આ સતત ૨ સપ્તાહની તેજી બાદ આવેલો ઘટાડો છે. કોરોનાના નવા વેરિએન્ટ ઓમિક્રોનના કેસમાં થઈ રહેલા વધારા, એફપીઆઈનું સતત વેચાણ, ઉચ્ચ સ્તરે પ્રોફિટ બુકિંગ જેવા ફેક્ટર્સે બજારને નબળું બનાવ્યું છે. મુંબઈ શેરબજારને ઓમિક્રોન વળગ્યો હોય તેમ આક્રમણકારી વેચવાલીથી મંદીનું મોજુ ફરી વળ્યુ હતું અને ઈન્ટ્રા ડે સેન્સેકસમાં ૧૮૦૦ પોઈન્ટથી અધિકનો કડાકો સર્જાયો હતો. અને તેની અસર હેઠળ ઈન્વેસ્ટરોના રૂા.૯.૩૭ લાખ કરોડનું પ્રચંડ ધોવાણ થયું હતું. મુંબઈ શેરબજારની માર્કેટ કેપ ૨૪૯.૯૧ લાખ કરોડ પર આવી ગઈ હતી.શેરબજાર શરૂઆતમાં જ ગેપડાઉન ખુલ્યુ હતું. ઓમિક્રોનના કેસ અત્યંત ઝડપથી વધી રહ્યા હોવાથી અને બ્રિટન જેવા દેશોએ પ્રતિબંધાત્મક પગલાની વિચારણા શરુ કર્યાના સંકેતોથી ગભરાટ સર્જાયો હતો. કોરોના તાંડવ ફરી એક વખત ૨૦ વૈશ્ર્વિક અર્થતંત્રને ઝટકો મારી શકે તેમ હોવાની આશંકાથી વિશ્ર્વસ્તરે શેરબજારો ગગડયા હતા. એશિયાઈ બજારો પણ ગગડયા હતા.

આ સિવાય ભારત સરકારે કેટલાક કૃષિ કોમોડીટી વાયદા પર પ્રતિબંધ લગાવતા તેના પણ પ્રત્યાઘાત ઉઠયા હતા. કારણ કે આ કદમ ઉદારીકરણમાં પીછેહઠ ગણાશે અને આંતરરાષ્ટ્રીય નાણાંસંસ્થાઓના રોકાણને અસર થવા લાગશે તેવી ભીતિ વ્યક્ત થવા લાગી હતી. વિદેશી નાણાંસંસ્થાઓ કેટલાંક વખતથી મોટાપાયે વેચાણ કરી જ રહી છે તેની પ્રતિકુળ અસર યથાવત હતી.જાણીતા શેરબ્રોકરોના કહેવા પ્રમાણે ઉતરપ્રદેશ સહિત પાંચ રાજયોની વિધાનસભા ચૂંટણી પુર્વે મોંઘવારી સહિતના પડકારોને પહોંચી વળવા કેન્દ્ર સરકારે કૃષિ કોમોડીટી વાયદા પર પ્રતિબંધ મુકયા છે. વૈશ્ર્વિકસ્તરે નાણાસંસ્થાઓના પ્રત્યાઘાતો મહત્વના બને તેમ છે. ઉપરાંત ઓમિક્રોનનો ગભરાટ હોવાથી માર્કેટ કડડભૂસ થવા લાગ્યુ છે.

શેરબજારમાં આજે લગભગ તમામ ક્ષેત્રોના મોટાભાગના શેરો ગગડયા હતા. ટીસ્કો, ભારત પેટ્રોલીયમ, ટેલ્કો, જેએસડબલ્યુ સ્ટીલ, ટેલ્કો, બજાજ ફાઈનાન્સ, રીલાયન્સ, ઈન્ફોસીસ, ટાઈટન, અલ્ટ્રાટેક સિમેન્ટ, એશિયન પેઈન્ટસ, એકસીસ બેંક, ભારતી એરટેલ, એચડીએફસી, એચડીએફસી બેંક, આઈસીઆઈસીઆઈ બેંક, કોટક બેંક, લાર્સન, મારૂતી, નેસલે, સ્ટેટ બેંક વગેરે ગગડયા હતા. બેંક, મેટલ, ઓટોક્ષેત્રના શેરોમાં જબરુ ધોવાણ થયુ હતું. મંદી માર્કેટમાં પણ સીપ્લા, ડો. રેડ્ડી, પાવરગ્રીડ, ટીસીએસ જેવા અમુક શેરો મજબૂત હતા. એમેઝોન સામેના કાનૂની જંગમાં ફયુચર ગ્રુપની જીત થયાને પગલે ફયુચર રીટેઈલ, ફયુચર કધઝયુમર સહિત ગ્રુપની અન્ય કંપનીઓના શેરોમાં તેજીની સર્કીટ હતી.શેરબજારમાં મંદી કેટલી તીવ્ર હતી તેનો અંદાજ એ વાત પરથી આવી જાય છે કે દર પાંચમાંથી ચાર શેરોમાં ગાબડા હતા. એટલું જ નહી છેલ્લા થોડા દિવસો દરમ્યાન લીસ્ટેડ થયેલા નવા શેરો નાયકા, ટેગા, પોલીસીબજાર, ટાર્સન તથા અન્ય સાત કંપનીઓના શેરોમાં નવા નીચા ભાવ જોવા મળ્યા હતાં.

મુંબઈ શેરબજારનો સેન્સીટીવ ઈન્ડેકસ ઈન્ટ્રા ડે ૧૮૭૯ પોઈન્ટના કડાકાથી નીચામાં ૫૫૧૩૨ થયો હતો. તે પછી ૧૩૧૩ પોઈન્ટના ઘટાડાથી ૫૫૭૦૮ સાંપડયો હતો. નેશનલ સ્ટોક એકસચેંજનો નિફટી ૪૦૭ પોઈન્ટના ઘટાડાથી ૧૬૫૭૮ હતો તે ઉંચામાં ૧૬૮૪૦ તથા નીચામાં ૧૬૪૧૨ હતો. બેંક નિફટીમાં ૧૫૦૦ પોઈન્ટ તથા મીડકેપ નિફટીમાં ૧૩૦૦ પોઈન્ટનું ધોવાણ હતું.

## દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના ૬૫૬૩ નવા કેસ

નવીદિલ્લી,તા.૨૦
કોરોના વાયરસના નવા વેરિઅંટ ઓમિક્રૌનના જોખમ વચ્ચે ભારતમાં આજે કોવિડ-૧૯ના દૈનિક આંકડાઓમાં ઘટાડો નોંધવામાં આવ્યો છે. ભારતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના ૬૫૬૩ નવા કેસ સામે આવ્યા છે. વળી, આ દરમિયાન એક દિવસમાં ૮૦૭૭ લોકોની કોવિડ-૧૯થી રિકવરી થઈ છે. વળી, ૧૩૨ લોકોના કોરોનાથી મોત થયા. દેશમાં કોરોના વાયરસના સક્રિય કેસોમાં પણ ઘટાડો થયો છે. દેશમાં કોરોના વાયરસના સક્રિય કેસ ૮૨,૨૬૭ છે જે છેલ્લા ૫૭૨ દિવસોમાં સૌથી ઓછા છે.

આરોગ્ય મંત્રાલયના જણાવ્યા મુજબ દેશમાં રિકવરી રેટ ૯૮.૩૯ ટકા છે. કોરોનાથી અત્યાર સુધી કુલ મોતની સંખ્યા ૪૭૭૫૫૪ થઈ છે. વળી, અત્યાર સુધી કોરોનાથી રિકવર થયેલ કુલ લોકોની સંખ્યા ૩,૪૧,૮૭,૦૧૭ છે. સંક્રમણના કુલ કેસ ૩,૪૭,૪૬,૮૩૮ છે. દેશમાં ૧૬ જાન્યુઆરી, ૨૦૨૧થી શરુ થયેલ રસીકરણ અભિયાનનો આંકડો ૧,૩૭,૬૭,૨૦,૩૫૯ સુધી પહોંચી ગયો છે.

દેશમાં ૩૫ દિવસમાં સૌથી ઓછો ૧૩૨ લોકોના મોત થયા છે. વળી, ૨૪માં દિવસે ૧૦ હજારથી ઓછા નવા કેસ સામે આવ્યા છે. ૧૫ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં સક્રિય કેસના કેસોમાં વધારો નોંધવામાં આવ્યો છે. કેરળમાં ૨૯૯૫ નવા કેસ અને ૬૯ મોત, મહારાષ્ટ્રમાં ૯૦૨ નવા કેસ અને ૯ મોત થયા છે. વળી, તમિલનાડુમાં ૬૧૦ નવા કેસ સામે આવ્યા છે.

## લગ્ન માટે મહિલાઓની વયમર્યાદા વધારીને ૨૧ વર્ષ કરવાના નિર્ણયનો કોંગ્રેસ વિરોધ કરશે

નવીદિલ્હી,તા.૨૦
કેન્દ્ર સરકાર દ્વારા લગ્ન માટે મહિલાઓની વય ૧૮ વર્ષથી વધારીને ૨૧ વર્ષ કરવા માટે સંસદમાં બિલ લાવવાની તૈયારીઓ થઈ રહી છે. જોકે તેનો વિપક્ષો વિરોધ કરી રહ્યા છે.હવે કોંગ્રેસે પણ તેનો વિરોધ કરવાનુ નક્કી કર્યુ છે.એવુ મનાય છે કે, બહુ જલ્દી આ બિલ સંસદમાં રજૂ કરવામાં આવશે.

દરમિયાન કોંગ્રેસે તેનો વિરોધ કરવાનો નિર્ણય કર્યો હોવાથી વિપક્ષી પાર્ટીઓને તેનો વિરોધ કરવામાં મદદ મળશે.વિપક્ષોની માંગ છે કે, આ બિલને સમીક્ષા માટે સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ મોકલવામાં આવે.

એક અંગ્રેજી અખબાર સાથે વાતચીત દરમિયાન કોંગ્રેસના મહાસચિવ કે સી વેણુગોપાલે કહ્યુ હતુ કે, શિયાળુ સત્રના અંતિમ દિવસોમાં મોદી સરકાર આ બિલ લાવી રહી છે અને તેની પાછળ રાજકીય કારણ હોવાનુ લાગી રહ્યુ છે.સરકારના આ પ્રસ્તાવનો વિપક્ષો દ્વારા પહેલેથી જ વિરોધ થઈ રહ્યો છે.

તેમણે કહ્યુ હતુ કે, ખરેખર તો ગ્રામ્ય વિસ્તારમાં યુવા મહિલાઓના શિક્ષણ અને તેમના આર્થિક ઉધ્ધાર માટે પગલા ભરવાની જરુર છે.સરકારે આ પ્રસ્તાવ લાવતા પહેલા તમામ પક્ષકારો સાથે યોગ્ય ચર્ચા કરી નથી.

## છેલ્લા ૨૪ કલાકમાં દિલ્હીમાં કોરોનાના ૧૦૭ કેસ નોંધાયા

નવીદિલ્હી,તા.૨૦
કોરોના વાયરસના નવા વેરિઅન્ટ ઓમિક્રોનના સંકટ વચ્ચે દિલ્હીમાં ફરી એકવાર કોરોના સંક્રમણના કેસમાં વધારો થયો છે. રવિવારે દિલ્હીમાં કોરોનાએ છેલ્લા ૬ મહિનાનો રેકોર્ડ તોડ્યો હતો. છેલ્લા ઘણા દિવસોથી દિલ્હીમાં કોરોનાના કેસમાં વધારો થયો છે. છેલ્લા ૨૪ કલાકમાં દિલ્હીમાં કોરોનાના ૧૦૭ કેસ નોંધાયા છે અને આ દરમિયાન એક દર્દીએ પોતાનો જીવ પણ ગુમાવ્યો છે. જોકે ૫૦ દર્દીઓ પણ કોરોનાને હરાવવામાં સફળ રહ્યા હતા.

દિલ્હીમાં કોરોના સંક્રમણનો દર ઘણો જોવા મળ્યો છે. પોઝિટિવીટી રેટ વધીને ૦.૧૭ ટકા થયો છે. અગાઉ ૨૫ જૂન ૨૦૨૧ના રોજ એક જ દિવસમાં કોરોનાના સૌથી વધુ ૧૧૫ કેસ નોંધાયા હતા. ૨૨ જૂન, ૨૦૨૨ ના રોજ, સંક્રમણ દર ૦.૧૯ ટકા હતો. દિલ્હીમાં ૧૦ દિવસ બાદ કોરોનાને કારણે કોઈનું મોત થયું છે અને મૃત્યુઆંક વધીને ૨૫,૧૦૧ થઈ ગયો છે. દિલ્હીમાં કોરોનાના ૫૦૦ થી વધુ એક્ટિવ કેસ છે.

મહારાષ્ટ્રમાં ઓમિક્રોનના વધુ ૬ નવા કેસ નોંધાયા પછી, ભારતમાં તેના કેસ રવિવારે વધીને ૧૫૧ થઈ ગયા. કેન્દ્રીય અને રાજ્યના અધિકારીઓના જણાવ્યા અનુસાર મહારાષ્ટ્રમાં અત્યાર સુધીમાં ૫૪, દિલ્હીમાં ૨૨, રાજસ્થાનમાં ૧૭, કર્ણાટકમાં ૧૪, તેલંગાણામાં ૨૦, કેરળમાં ૧૧, ગુજરાતમાં ૯, આંધ્રપ્રદેશમાં ૧, ચંદીગઢમાં ૧, તમિલનાડુમાં ૧ અને ઓમિક્રોનનો ૧ કેસ પશ્ચિમ બંગાળમાં મળી આવ્યો છે.

## દેશમાં નવા શ્રમ કાયદા હેઠળ સપ્તાહમાં ચાર દિવસ કામ, ત્રણ દિવસ રજા રહેશે

,નવીદિલ્હી,તા.૨૦
કેન્દ્ર સરકાર નવા શ્રમ કાયદા લાગુ કરવા જઈ રહી છે. જે કાયદાઓ આગામી નાણાકીય વર્ષ સુધીમાં લાગુ થવાની સંભાવના છે. આ કાયદો લાગુ થતા જ ટેક-હોમ સેલેરી અને પીએફ સ્ટ્રક્ચરમાં પણ ફેરફાર થશે. આમ નવા નાણાકીય વર્ષમાં સામાન્ય રીતે દરેક કર્મચારી પગાર વધારાની આશા રાખતા હોય છે. પરંતુ કેન્દ્ર એક જ નિર્ણયથી પગાર વધારા સાથે ટેક-હોમ સેલેરી પર કાતર ચલાવે તેવી સંભાવના છે.જેનાથી તમારો ટેક-હોમ પગાર ઘટી જશે જ્યારે પ્રોવિડન્ટ ફંડમાં વધારો થશે.

મજૂરી, સામાજિક સલામતી, ઔદ્યોગિક સંબંધ અને વ્યાવસાયિક સુરક્ષા તથા સ્વાસ્થ્ય અને કામ કરવાની સ્થિતિ પર ચાર મજૂર કાયદાઓને આગામી નાણાકીય વર્ષ સુધીમાં લાગુ કરવાની સંભાવના છે. ત્યારે આ અંગે શ્રમ અને રોજગાર મંત્રાલયે જણાવ્યું છે કે સપ્તાહમાં ૪૮ કલાક કામકાજનો નિયમ લાગુ રહેશે. હકીકતમાં કેટલાક યુનિયનોએ ૧૨ કલાક કામ અને ૩ દિવસની રજાના નિયમ પર સવાલ ઉઠાવ્યો હતો. આ અંગે સરકારે કહ્યું કે સપ્તાહમાં ૪૮ કલાક કામનો નિયમ જળવાઈ રહેશે, કોઈ વ્યક્તિ દિવસમાં ૮ કલાક કામ કરે તો તેણે સપ્તાહમાં ૬ દિવસ કામ કરવું પડશે અને એક દિવસની રજા મળશે.

કેન્દ્ર સરકારે આ કાયદાઓ હેઠળ નિયમોને અંતિમ રૂપ આપ્યું છે. ત્યારે હવે રાજ્યોને તેમના તરફથી નિયમો બનાવવાના છે. કારણ કે શ્રમ રાજ્યોનો વિષય છે. કેન્દ્ર સરકારે ફેબ્રુઆરી ૨૦૨૧માં કાયદાઓના મુસદ્દાના નિયમોને અંતિમ રૂપ આપવાની પ્રક્રિયા પૂરી કરી લીધી હતી. નવા કાયદાથી કર્મચારીઓના બેસિક પગાર અને પીએફની ગણતરીની રીતોમા ફેરફાર આવશે. તમારા પીએફ ખાતામાં દર મહિનાનું યોગદાન વધી જશે. નવા શ્રમ કાયદા હેઠળ ભથ્થાને ૫૦ ટકા પર મર્યાદિત રાખવામાં આવશે. જેનો અર્થ એ છે કે કર્મચારીઓના કુલ પગારના ૫૦ ટકા બેસિક પગાર હશે.

પીએફની ગણતરી બેસિક પગારના ટકાના આધારે કરવામાં આવે છે. જેમા બેસિક પગાર અને મોંઘવારી ભથ્થાનો સમાવેશ થાય છે. વર્તમાન સમયમાં એમ્પ્લોયર પગારને અનેક પ્રકારના ભથ્થામાં વિભાજિત કરી દે છે. જેનાથી બેસિક પગાર ઓછો થઈ જાય છે,જેથી પીએફ અને આવકવેરામાં યોગદાન નીચું રહે છે.

નવા શ્રમ કાયદામાં પીએમ યોગદાન કુલ પગારના ૫૦ ટકાની દૃષ્ટીએ નક્કી કરાશે. પીએફમાં કર્મચારીઓનું યોગદાન વધારવાથી કંપનીઓ પર નાણાકીય બોજ વધશે. આ સાથે વધુ બેસિક પગારનો અર્થ એ છે કે ગ્રેજ્યુઈટીની રકમ પણ પહેલા કરતાં વધુ હશે અને તે પહેલાની સરખામણીમાં એક થી દોઢ ગણી વધી શકે છે. કેન્દ્રીય શ્રમમંત્રી ભૂરેન્દ્ર યાદવે સપ્તાહની શરૂઆતમાં રાજ્યસભામાં જણાવ્યું હતું કે વ્યાવસાયિક સુરક્ષા,સ્વાસ્થ્ય અને કામ કરવાની સ્થિતિ પર શ્રમ કાયદાના મુસદ્દાના નિયમોને ઓછામાં ઓછા ૧૩ રાજ્યો તૈયાર કરી ચૂક્યા છે. આ સિવાય ૨૪ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોએ મજૂરી પર શ્રમ કાયદાના મુસદ્દાના નિયમો તૈયાર કર્યા છે. આમ શ્રમ કાયદાની સાથે-સાથે નવા ચાર શ્રમ કાયદા લાગુ થતાં સપ્તાહના કામકાજના કલાકોમાં ફેરફાર થશે. દિવસમાં ૧૨ કલાકના કામની સાથે સપ્તાહમાં ૪ દિવસ કામ કરવાનું રહેશે જ્યારે ત્રણ રજા મળશે, દિવસમાં ૮ કલાક કામ કરનારાએ ૬ દિવસ કામ કરવાનું રહેશે અને તેને એક દિવસની રજા મળશે,સપ્તાહના ૪૮ કલાકના કામકાજના સમયમાં કોઈ સુધારો કરાયો નથી.ત્રણ દિવસ રજા રહેશે

## પીએમ મોદી આજે પ્રયાગરાજમાં, બે લાખથી વધુ મહિલાઓ કાર્યક્રમમાં સામેલ થશે

પ્રયાગરાજ,તા.૨૦
ગત દિવસોમાં નરેન્દ્ર મોદીની ચૂંટણી રાજ્યની મુલાકાતની સંખ્યામાં વધારો થયો છે. પીએમ મોદી મંગળવારે પ્રયાગરાજ આવવાના છે. આ કાર્યક્રમમાં બપોરે લગભગ એક વાગે લગભગ ૨ લાખથી વધારે મહિલાઓ સામેલ થશે. પીએમઓ અનુસાર મહિલાઓની જરુર કૌશલ પ્રોત્સાહન અને સંસાધન પ્રદાન કરવા, વિશેષ રુપમાં જમીની સ્તર પર મહિલાઓને સશક્ત બનાવવા માટે પીએમના દષ્ટિકોણ અનુસાર કાર્યક્રમ આયોજિત કરવામાં આવી રહ્યો છે.પીએમઓએ જણાવ્યું કે મહિલાઓને સમર્થન આપવાના પ્રયાસમાં પીએમ સ્વયં સહાયતા ગ્રુપ(એસએચજી)ને બેંક ખાતામાં ૧૦૦૦ કરોડ રુપિયાની રકમ હસ્તાંતરિત કરશે. જેનાથી એસએચજી લગભગ ૧૬ લાખ મહિલા સભ્યોને લાભ થશે. નિવેદન મુજબ આ ટ્રાન્સફર દીનદયાલ અત્યોંદય યોજના, રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન અંતર્ગત કરવામાં આવશે. જેમાં ૮૦,૦૦૦ એસએચજી પ્રતિ એસએચજી ૧.૧૦ લાખ રુપિયા સીઆઈએફ મેળવી રહ્યા છે અને ૬૦,૦૦૦ એસએચજી પ્રતિ એસએચજી ૧૫૦૦૦ રુપિયા રિવાલ્વિંગ ફંડ પ્રાપ્ત કરી રહ્યા છે.

પીએમઓએ જણાવ્યું કે આ કાર્યક્રમમાં પ્રધાનમંત્રી આ કાર્યક્રમમાં બિઝનેસ કોરેસ્પોન્ડર સખીઓને પ્રોત્સાહિત કરશે. પીએમ ૨૦,૦૦૦ મહિલાઓના ખાતામાં પહેલા મહિને વજીફેના રુપમાં ૪૦૦૦ રુપિયા ટ્રાન્સફર કરશે.

પીએમઓ મુજબ કાર્યક્રમ દરમિયાન પીએમ મોદી સીએમ કન્યા સુમંગલા યોજના હેઠળ ૧ લાખથી વધારે લાભાર્થીઓને કુલ ૨૦ કરોડ રુપિયાથી વધારે રકમ પણ ટ્રાન્સફર કરશે. પીએમઓએ કહ્યું કે આ યોજના એક બાલિકાના જીવને વિભિન્ન સ્તર પર સશર્ત રોકડ હસ્તાંતરણ પ્રદાન કરે છે. આ અંતર્ગત ૧૫૦૦૦ રુપિયા આપવામાં આવશે.

પીએમે જણાવ્યું કે જન્મના સમયે ૨૦૦૦ રુપિયા, એક વર્ષના રસીકરણ પૂરુ કરવા પર ૧ હજાર, ધોરણ આઈ઼ઁ માં પ્રવેશ પર ૨૦૦૦ રુપિયા, ધોરણ વીઆઈમાં પ્રવેશ પર ૨૦૦૦ રુપિયા, ધોરણ આઈએકસ્માં પ્રવેશ પર ૩૦૦૦ રુપિયા, ૧૦માં અને ૧૨માં ધોરણ પાસ કરવા પર ૫૦૦૦ રુપિયા આપવામાં આવે છે.

## ભારતના દરેક વ્યક્તિનુ ડીએનએ અલગ અને આગવુ છે: રાહુલ ગાંધી



નવીદિલ્હી,તા.૨૦
૪૦૦૦૦ વર્ષથી ભારતના લોકોના ડીએનએ એક જ છે તેવા આરએસએસ પ્રમુખ મોહન ભાગવતના નિવેદન બાદ રાહુલ ગાંધીએ તેના પર પલટવાર કર્યો છે.રાહુલ ગાંધીએ કહ્યુ છે કે, જે લોકો હિન્દુત્વમાં માને છે તે લોકોનુ માનવુ છે કે, ભારતના તમામ લોકોના ડીએનએ એક સરખા છે પણ હિન્દું માને છે કે દરેક વ્યક્તિનુ ડીએનએ અલગ અને આગવુ હોય છે.આમ ડીએનએના મુદ્દે પણ રાહુલ ગાંધીએ હિન્દુ અને હિન્દુત્વનો ફરક સમજાવી દીધો છે.

ઉલ્લેખનીય છે કે, હિમાચલ પ્રદેશના એક કાર્યક્રમમાં મોહન ભાગવતે કહ્યુ હતુ કે, ૪૦૦૦૦ વર્ષથી ભારતના તમામ લોકોના ડીએનએ એક સમાન છે.હું હવામાં વાત નથી કરી રહ્યો.તેના પૂરાવા પણ છે.દેશની સંસ્કૃતિ આપણા પૂર્વજોના કારણે ફુલીફાલી છે.

## તંત્રી સ્થાનેથી...

# અપરાધનો બચાવ



*કેટલાય પ્રસંગો એવા આવે છે જયારે આપણા જનપ્રતિનિધિઓનો વ્યવહાર દુઃખી અને શરમમાં મૂકે છે. દાગી છબિ ધરાવતા જનપ્રતિનિધિઓની વધતી સંખ્યાની તો વાત જ છોડી દો. એ પણ માનવામાં આવે છે કે સદનમાં ચૂંટાયા બાદ નેતાઓનો વ્યવહાર આદર્શ થઈ જશે, પરંતુ મોટાભાગે નિરાશા જ હાથ લાગે છે. સમાજ અને સદનને નીચાજોણું કરાવનાર જનપ્રતિનિધિઓમાં એક નવું નામ ઉમેરાઈ ગયું છે. કર્ણાટકના કોંગ્રેસી ધારાસભ્ય રમેશ કુમારે એક રીતે બળાત્કારના બચાવમાં બેહદ શરમજનક ટિપ્પણી કરી છે. મંત્રી રહી ચૂકેલા આ વરિષ્ઠ ધારાસભ્યે હંગામો થયા બાદ માફી માંગી લીધી છે, પરંતુ ટિપ્પણી એવી હતી જેમાં માફી માંગવાથી પણ કામ ચાલે તેમ નથી. આ વિવાદ જલ્દી શાંત થાય એમ નથી લાગતું. અપરાધને રોકવા કે રોકવામાં મદદ કરવી સરકાર અને તેની સાથે જોડાયેલા લોકોની જવાબદારી છે, પરંતુ અહીં તો અપરાધને રોકી ન શકતા અને પછી કહે છે કે ચોક્કસ અપરાધનો 'આનંદલ્ર લેવો, તે કોઈપણ દૃષ્ટિએ અક્ષમ્ય છે. આપણે આ કયા જમાનામાં જીવી રહ્યા છીએ? ધારાસભ્ય જયારે બોલી રહ્યા હતા, ત્યારે આખા સદનમાં માનનીયો હસી રહ્યા હતા. એવામાં આજે દરેક જાગૃત નાગરિક સ્વાભાવિકપણે રોષમાં તપી રહ્યો છે.*

*કોંગ્રેસી નેતા રમેશકુમાર દ્વારા કરવામાં આવેલ હીન કક્ષાની ટિપ્પણી મુદ્દે તેમની પાર્ટી અસહજ છે, ત્યાં જ ભાજપ આક્રમક થઈ ગઈ છે. કેન્દ્રીય બાળ મહિલા અને બાળ વિકાસ મંત્રી સ્મૃતિ ઇરાનીએ શુક્રવારે આ મુદ્દો લોકસભામાં ઉઠાવ્યો ત્યારે કોંગ્રેસ નેતા મલ્લિકાર્જુન ખડગેએ આ ટિપ્પણીને અયોગ્ય ગણાવી અને ધારાસભ્યની માફી બાદ મામલો શાંત પાડી દેવાની અપીલ કરી! જે કોંગ્રેસ લખીમપુર ખીરી મામલે કેન્દ્રીય ગૃહ રાજયમંત્રી અજયકુમાર મિશ્રાની બરખાસ્તગીની માંગ કરી રહી હતી, તેના માટે સ્થિતિ મુશ્કેલ બની ગઈ. જોકે પોતપોતાના દાગીઓને બચાવવાની રાજનીતિ નવી નથી. પરંતુ આ સિલસિલો ક્યાંક તો અટકવો જોઇએ. નૈતિકતા જ કોઈને સત્ય બોલવાનું સાહસ પ્રદાન કરે છે. ધ્યાન રહે, કર્ણાટક વિધાનસભામાં જ કેટલાક વર્ષ પહેલાં અશ્લીલ ફિલ્મ જોવાનો આરોપ ત્રણ ભાજપી ધારાસભ્યો પર લાગ્યો હતો. તેથી પોતાના દાગીને બચાવવા અને બીજાના દાગી પર નિશાન સાધવાની રાજનીતિ આપણને ઉત્તરોત્તર પતન તરફ લઈ જાય છે. અસલમાં આપણા સમાજમાં લોકોની મોટી સંખ્યા છે, જે મહિલાઓ સાથે થનારા અત્યાચારને લઈને વધુ ગંભીર નથી. મહિલાઓ વિરુદ્ધ અપરાધ સતત વધી રહ્યા છે. એનસીઆરબી ૨૦૧૯ અનુસાર આપણા દેશમાં દર ૧૬ મિનિટે એક બળાત્કાર થાય છે. નેતાઓએ ચર્ચા એ કરવી જોઇએ કે આ નિર્મમતાને કેવી રીતે ખતમ કરવામાં આવે, પરંતુ જ્યારે તેઓ કોઈ બહાને મહિલા વિરોધી અપરાધને સામાન્ય ગણાવવાની કુચેષ્ટા કરે છે તો તે કોઈ અપરાધથી ઓછું ન ગણી શકાય. આવા હલકટ નેતાઓના વજૂદ પર અવશ્ય પ્રહાર થવો જોઇએ, જેથી દુનિયાને મહિલાઓને અનુકૂળ બનાવી શકાય.*

"આધ્યાત્મિકતાનો માર્ગ વ્યક્તિ, સમાજ અને વિશ્વ શાંતિનો માર્ગ મોકળો કરે છે" - આચાર્ય લોકેશજી

# આચાર્ય ડૉ લોકેશજીએ માનવતા, શક્તિ અને આધ્યાત્મિકતાના ૧૪મા વિશ્વ સંગમને સંબોધિત કર્યું




વિશ્વ શાંતિ નિર્માતા આચાર્ય ડૉ લોકેશજીએ યુનિવર્સલ સ્પિરિચ્યુઆલિટી એન્ડ હ્યુમેનિટી ફાઉન્ડેશન દ્વારા ઓનલાઈન માધ્યમ દ્વારા આયોજિત ×માનવતા, શક્તિ અને આધ્યાત્મિકતાના ૧૪મા વિશ્વ સંગમ×ને સંબોધિત કર્યું. આ કાર્યક્રમમાં દેશ અને વિશ્વના પ્રબુદ્ધ નાગરિકોએ ભાગ લીધો હતો અને ખાસ કરીને આ વિષય પર પોતાની દલીલો આપી હતી. અહિંસા વિશ્વ ભારતીના સ્થાપક, વિશ્વ શાંતિદૂત આચાર્ય ડૉ. લોકેશજીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, આધ્યાત્મિકતાનો માર્ગ વ્યક્તિ, સમાજ અને વિશ્વ શાંતિ માટેનો માર્ગ મોકળો કરે છે. મનુષ્યની અંદર અનંત શક્તિ છે, જે આધ્યાત્મિકતાથી જાગૃત થાય છે.

આધ્યાત્મિકતાની જરૂરિયાત ઔદ્યોગિક ક્ષેત્રો, શૈક્ષણિક સંસ્થાઓ, સરકાર, સામાજિક સંસ્થાઓ અને ધાર્મિક સંસ્થાઓ તમારા કાર્યસ્થળમાં દરેક જગ્યાએ છે. આધ્યાત્મિકતા કોઈ ચોક્કસ ધર્મ, સંપ્રદાય, જાતિ કે વર્ગ સાથે સંબંધિત નથી. આધ્યાત્મિકતા એ ભારતીય સંસ્કૃતિનો અભિન્ન અંગ છે.

આધ્યાત્મિકતા દ્વારા વ્યક્તિ પોતાની આંતરિક ચેતના અને શક્તિને જાગૃત કરી શકે છે અને તેનો ઉપયોગ સમાજ અને પર્યાવરણ અને માનવતાના કલ્યાણ માટે કરી શકે છે. તેમણે વધુમાં કહ્યું કે, લોકો સ્વાર્થથી સારા-ખરાબ દરેક કામ કરવા તૈયાર હોય છે. માનવ અવયવોની હેરફેર, બાળ શોષણ, યૌન શોષણ જેવી સમસ્યાઓ આજે સમગ્ર વિશ્વમાં જોવા મળે છે, જે માનવતા માટે આઘાતજનક છે. વિશ્વને આધ્યાત્મિકતાથી વાકેફ કરીને જ એક એવા તર્કસંગત વ્યક્તિત્વનું નિર્માણ થઈ શકે છે જેમાં માનવતાની તમામ સમસ્યાઓનું સમાધાન થાય. ચિશ્તી ફાઉન્ડેશનના પ્રમુખ હાજી સૈયદ સલમાન ચિશ્તીજી એ જણાવ્યું હતું કે, ઘણા દેશોમાં મજૂરોને પશુઓની જેમ ૧૨ કલાકથી વધુ કામ કરાવવામાં આવે છે અને તેમને ઓછું વેતન આપવામાં આવે છે. સમાજમાં દિવસેને દિવસે ગુના, હત્યા, લૂંટ, બળાત્કારની ઘટનાઓ સાંભળવા મળે છે. દુનિયામાં વધી રહેલા ગુનાખોરીનું પ્રમાણ દર્શાવે છે કે ક્યાંક ને ક્યાંક માનવીએ માનવતા ગુમાવી દીધી છે. અત્યારે સમગ્ર વિશ્વએ એક થવાની જરૂર છે, સમાજમાં જાતિ, સંપ્રદાય અને ધર્મથી ઉપર ઉઠીને માનવતાના ધર્મનું પાલન એ જ સાચી સેવા છે. આંતરરાષ્ટ્રીય સિદ્ધાશ્રમ શક્તિ કેન્દ્રના સ્થાપક શ્રી રાજરાજેશ્વર ગુરુજીએ જણાવ્યું હતું કે, આધ્યાત્મિક વ્યક્તિ એક સમજદાર વ્યક્તિત્વ છે જે વાસ્તવિકતાને અવાસ્તવિકતાથી અલગ કરી શકે છે. વળી, જે વ્યક્તિ આધ્યાત્મિકતા કે શિસ્ત દ્વારા પોતાના સ્વભાવને સાકાર કરી શકે છે તે માનવ છે. તેમણે કહ્યું કે, દરેક ધર્મ મનુષ્યમાં દિવ્યતાની જાગૃતિ માટે છે, વર્તમાન સમયમાં ધર્મને યોગ્ય પરિપ્રેક્ષ્યમાં સમજીએ તે જરૂરી છે. ધર્મને સમાજ સેવા સાથે જોડીને તેને સમાજ કલ્યાણ અને માનવતાના કાર્યનો માર્ગ બનાવો. પારસી કોલેજના પ્રમુખ, પ્રોફેસર મેહર માસ્ટર મૂઝેજી એ જણાવ્યું હતું કે, વિશ્વમાં સમાજ અને માનવતાની ભાવના બનાવવા અને સુધારવા માટે ધાર્મિક નેતાઓએ સાથે મળીને કામ કરવાની જરૂર છે. દરેક ધર્મ વિવિધ રંગીન ફૂલો જેવો છે. સુંદર ગુલદસ્તામાં પ્રેમની ધૂન સાથે બંધાયેલ, પ્રેમ, શાંતિ અને સુખ માનવતાની વેદી પરના પ્રસાદ સમાન છે. આ અવસરે ડૉ. સ્ટીફન થોમસનજી, ડૉ. સંજીવ કનોરિયાજી અને સતગુરુ દલીપ સિંહજીએ ખાસ કરીને સભામાં અનેક પ્રતિષ્ઠિત વ્યક્તિઓ વચ્ચે પોતાના વિચારો રજૂ કર્યા હતા. કાર્યક્રમમાં સ્વાગત પ્રવચન શ્રી સુનિલ કનોરિયાજી એ કર્યું હતું અને આભારવિધિ ડૉ.એચ.પી. કનોરિયાજીએ કરી હતી.

# સરકારી કંપની પવન હંસનું ખાનગીકરણ ૨૦૨૧-૨૨માં પુરુ કરી દેવામાં આવશે

નવીદિલ્હી,તા.૨૦

નાણા મંત્રી નિર્મલા સીતારમણે આ વર્ષના બજેટમાં જાહેરાત કરી હતી કે સરકારી કંપની પવન હંસનું ખાનગીકરણ ૨૦૨૧-૨૨માં પુરુ કરી દેવામાં આવશે. હવે ચાલું નાણાંકીય વર્ષને પુરુ થવામાં માત્ર ૩ મહિના જ બાકી રહ્યા છે ત્યારે વાયદો પુરો કરવા માટે સરકારની દોડધામ વધી ગઇ છે જેણી ઝડપથી ડિસઇન્વેસ્ટનું લક્ષ્ય હાંસલ કરી શકાય.

હકિકતમા, નુકશાનીમાં ચાલી રહેલી હેલિકોપ્ટર ઓપરેટર પવન હંસ લિમિટેડમાં તેનો હિસ્સો વેચવા માટે સરકારને ઘણી બીડ મળી છે, જેના કારણે આ પબ્લીક સેકટર યુનિટ (પીએસયુ)ની ડિસઇન્વેસ્ટમેન્ટ પ્રક્રિયા તેના અંતિમ તબક્કામાં પહોંચી ગઇ છે. નાણાં મંત્રાલયનાના સચિવ તુહીન કાંત પાંડેએ માહિતી આપતા કહ્યું હતું કે, પવન હેસના ડિસઇન્વેસ્ટમેન્ટ માટે નાણાંકીય બિડ ટ્રાન્ઝેકશન એડવાઇઝરને મળી ગઇ છે અને હવે તે અંતિમ તબક્કામાં છે. જો કે કાંતે એ વાતનો ફોડ ન પાડ્યો હતો કે કેટલી બિડ મળી છે.

સરકાર પવન હંસમાં પોતાની પુરી ૫૧ ટકા હિસ્સેદારી વેચી રહી છે. બાકીની ૪૯ ટકા હિસ્સેદારી ઓએનજીસી પાસે છે અને તે પણ પોતાનો પુરો હિસ્સો વેચી દેવા માંગે છે.પવન હંસની સ્થાપના ૧૯૮૫માં થઇ હતી અને તેની પાસે ૪૦થી વધારે હેલિકોપ્ટરનો કાફલો છે, પવન હંસમાં ૯૦૦ કર્મચારીઓ કામ કરે છે, જેમાંથી અડધાથી પણ ઓછા કર્મચારીઓ પરમેનન્ટ છે. કંપની ઓનજીસી સંશોધન પ્રવૃતિઓ અને ભારત સરકારના પૂર્વોત્તર વિસ્તાર માટે હેલિકોપ્ટરની સેવા પ્રદાન કરે છે. પવન હંસને વર્ષ ૨૦૧૯-૨૦માં કુલ ૨૮ કરોડ રૂપિયાની ખોટ ગઇ હતી અને એક વર્ષ પહેલાં ખોટનો આંકડો ૬૯ કરોડ રૂપિયા હતો. સરકારે વર્ષ ૨૦૧૮માં પવન હંસમાં પોતાની હિસ્સેદારી વેચવા માટે બિડ મંગાવી હતી. જો કે તુહીન કાંત પાંડેએ પવન હંસને ખરીદવામાં રસ ધરાવનારના નામ જાહેર કર્યા નહોતા.જો કે તે વખતે ઓનજીસીએ પણ પોતાની હિસ્સેદારી વેચી દેવાનો નિર્ણય કર્યો તો સરકારે બેક ફૂટમાં આવી ગઇ હતી. વર્ષ ૨૦૧૯માં ફરી એક વખત પવન હંસને વેચવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો, પરંતુ ઈન્વેસ્ટર્સે કોઇ રસ દાખવ્યો નહોતો. પરંતુ આ વખતે બિડ આવી છે એવું સરકારનું કહેવું છે. કેન્દ્ર સરકારે નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ના સમયગાળામાં ડિસઇન્વેસ્ટમેન્ટ દ્વારા કુલ ૧.૭૫ લાખ કરોડ રૂપિયા ભેગાં કરવાનો લક્ષ્યાંક રાખ્યો છે.

# ગુજરાતનાં દરિયાકાંઠેથી ૪૦૦ કરોડનું ડ્રગ્સ ઝડપાયું,૬ પાકિસ્તાનીઓની ધરપકડ

અમદાવાદ,તા.૨૦

ગુજરાતનાં દરિયાકાંઠેથી એટીએસની ટીમે અંદાજે ૪૦૦ કરોડનું ડ્રગ્સ ઝડપી પાડ્યું છે. આ ડ્રગ્સ પાકિસ્તાની બોટમાંથી મળી આવ્યુ હતુ. જેમા લગભગ ૭૭ કિલો હેરોઇન ડ્રગ્સનો જથ્થો એટીએસએ ઝડપ્યો છે. આ બોટમાંથી એટીએસની ટીમે ૬ પાકિસ્તાનીઓની ધરપકડ કરી છે. આ ઓપરેશનને ઈન્ડિયન કોસ્ટ ગાર્ડ અને એટીએસની સંયુક્ત ટીમે અંજામ આપ્યો છે. આ અંગે ઈન્ડિયન કોસ્ટ ગાર્ડ દ્વારા ટ્વીટ કરી જાણકારી આપવામાં આવી છે. જે પાકિસ્તાની બોટમાંથી આ ૭૭ કિલો ડ્રગ્સ ઝડપાયુ તેનું નામ ઓલ હુસૈન હોવાનુ પણ સામે આવ્યુ છે. એટીએસનાં હાથે હાલમાં ૬ પાકિસ્તાની આવ્યા છે પરંતુ તેમને શંકા છે કે આ મામલે વધુ લોકોની સંડોવણી હોઇ શકે છે.

આ પહેલા આપને જણાવી દઇએ કે, થોડા દિવસો પહેલા જ રાજયમાં દરિયાઇ માર્ગે ડ્રગ્સ ઘુસાડવાનો મામલો સામે આવ્યો હતો. આ મામલો દેવભૂમિ દ્વારકામાંથી સામે આવ્યો હતો, જ્યા કરોડોની કિંમતનું ડ્રગ્સ ઝડપાયું છે. દરિયાઇ માર્ગેથી આવતું ૬૬ કિલો ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યું હતુ. જે અંદાજે ૩૫૦ કરોડોની કિંમતનું ડ્રગ્સ હતુ. જેમા ૧૬ કિલો હેરોઇન હતુ. જ્યારે ૫૦ કિલો એમડી ડ્રગ્સ હતુ.

ઉલ્લેખનીય છે કે, આ પ્રથમ વખત નથી જયારે ગુજરાતમાં દરિયાઇ માર્ગે ડ્રગ્સ ઘુસાડવાનો પ્રયાસ થયો છે.

# બાલાજી મિત્ર મંડળ દ્વારા સિવીલ હોસ્પીટલના જરૂરીયાતમંદ દર્દીઓ તેમજ થેલેસેમીયા પીડીત બાળકોના લાભાર્થે રક્તદાન કેમ્પ યોજાયો

પ્રવર્તમાન શિયાળાની ઠંડીની સીઝનમાં રકતની જરૂરીયાત ઉભી થઇ છે. સીવીલ હોસ્પિટલનાં જરૂરીયાતમંદ દર્દીઓ તેમજ થેલેસેમીયા પીડીત બાળકો માટે નિઃશુલ્ક લોહી મળી રહે તે માટે સૌ પ્રયત્નશીલ બને તેવી વિનંતી છે. રકતદાન કરી અમુલ્ય માનવ જીંદગીઓને તેમજ થેલેસેમીયા પીડીત બાળકોના જીવનને બચાવવા નિમિત બનવા માટે અપીલ કરવામાં આવી છે. રાજકોટની સિવિલ હોસ્પિટલ, બાળકોની હોસ્પિટલ ખાતે સમગ્ર સૌરાષ્ટ્રનાં દર્દીઓ, થેલેસેમીયા પિડીત બાળકો નિઃશુલ્ક સારવાર માટે આવે છે. હાલમાં સિવિલ હોસ્પિટલમાં તમામ પ્રકારનાં બ્લડ ગ્રુપની તાતી જરૂરીયાત છે. બાલાજી મિત્ર મંડળ દ્વારા સિવીલ હોસ્પીટલના જરૂરીયાતમંદ દર્દીઓ તેમજ થેલેસેમીયા પીડીત બાળકોનાં લાભાર્થે રક્તદાન કેમ્પ યોજાયો હતો. જેમાં ૮૫ રતદાતાઓએ પોતાનું રક્તનું દાન કર્યું હતું. સંસ્થાઓ, સોસાયટીઓ, સેવાભાવીઓ તાત્કાલીક રકતદાન કેમ્પનું પણ આયોજન કરે તો સીવીલ હોસ્પીટલ બ્લડ બેક્ર આપનાં સ્થળેથી રકતદાન સ્વીકારવા આવશે, નાના કેમ્પ હશે તો પણ થઈ શકશે. અત્યારની કોરોના કાળની પરિસ્થિતિમાં રકતદાન કેમ્પોની સંખ્યા નહીવત થઈ ગઈ છે. જે રકતદાન કેમ્પો થાય છે, ત્યાં પણ રકતદાતાઓ ખૂબ ઓછી સંખ્યામાં આવે છે. શિયાળાની ઠંડીની સીઝનમાં રકતદાન કેમ્પો સાવ ન્યુનતમ થવાના છે. આ તકલીફનાં આંશીક નિવારણ માટે અને થેલેસેમીયા પીડીત બાળકોનાં જીવન બચાવવા આ રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. તમામ રકતદાતાઓને પ્રમાણપત્ર તેમજ ભેટ અર્પણ કરી પ્રોત્સાહીત કરાયા હતા. આ રકતદાન કેમ્પમાં બોલબાલા ટ્રસ્ટના જયેશભાઈ ઉપાધ્યાય, વોડ નં. ૧૩ ના કોર્પોરેટરશ્રીઓ નીતીનભાઈ રામાણી, જીતુભાઈ સેલારા, શ્રીમતી જયાબેન હરીભાઈ ડાંગર તથા બડાબજંગર ગ્રુપના કલ્પેશભાઈ ગમારા, વિજયભાઈ, રંગીલા ગ્રુપના કાનાભાઈ ડાભી, એનીમલ વેલફેર બોર્ડના યશભાઈ શાહ તથા રામભાઈ ટોળીયા (જય સોમનાથ પાર્ટી પ્લોટ) વિગેરે મહેમાનો ઉપસ્થિત રહયાં હતાં. બાલાજી મિત્ર મંડળના તમામ સભ્યોએ આ કેમ્પના કવરેજ માટે આવનાર પ્રિન્ટ મીડીયા તથા ઈલેકટ્રોનીકસ મીડીયાનો પણ આભાર માન્યો હતો.

આ રકતદાન કેમ્પને વિશેષ સહયોગ વિનયભાઈ જસાણી (શ્રીમદ્ રાજચંદ્ સેવા ગૃપ) નો મળ્યો હતો. આ રકતદાન કેમ્પને સફળ બનાવવા માટે મિત હિતેષભાઈ ખખ્ખર, ધર્મેશભાઈ સોઢા, શ્યામભાઈ સોઢા, કિશનભાઈ કારેલીયા, મિત શીંગાળા, નિર્મલભાઈ ઝાલાવડીયા, ધાર્મિકભાઈ ઝાલાવડીયા, દર્શિલભાઈ મહેતા, ભાવિકભાઈ મારૂ, સાવનભાઈ હરીયાણી, સમિપભાઈ રાજપોપટ, જયદીપભાઈ કાચા, પ્રણવભાઈ કારીયા, આનંદભાઈ દક્ષીણી ની ટીમે જહેમત ઉઠાવી હતી.

# લોકોએ તેમના છિનવાયેલા અધિકારો માટે ઉભા થવું જોઈએ:પીડીપી પ્રમુખ મહેબૂબા મુફતી

,શ્રીનગર,તા.૨૦

પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટી (પીડીપી)ના પ્રમુખ મહેબૂબા મુફ્તીએ દાવો કર્યો કે કેન્દ્ર સરકારે કલમ ૩૭૦ નાબૂદ કર્યા પછી અને કેન્દ્રશાસિત પ્રદેશના લોકો પાસેથી તેમના છીનવાયેલા લીધેલાઅધિકારો માટે ઉભા થયા પછી જમ્મુ અને કાશ્મીરમાં સ્થિતિ વધુ ખરાબ થઈ ગઈ છે. તેમણે કહ્યું કે જો લોકો જમ્મુ અને કાશ્મીરને જીવંત રાખવા માંગતા હોય, તો તેમની પાસે એકમાત્ર વિકલ્પ હતો કે તેઓ તેમના "છીનવી લીધેલા અધિકારો" માટે નિશ્ચય અને એકતા સાથે ઊભા રહે, નહીં તો કેન્દ્ર તેમની પાસેથી બધું જ લૂંટી લેશે. પૂંચ જિલ્લામાં પાર્ટીના સંમેલનને સંબોધતા મુફ્તીએ જમ્મુ અને કાશ્મીરમાં વિધાનસભા ચૂંટણી કરાવવાના કેન્દ્રના ઈરાદા પર પણ શંકા વ્યક્ત કરી હતી. મહેબૂબાએ કહ્યું- 'હાલની સ્થિતિને જોતાં સૌથી મોટી જવાબદારી યુવાનોની છે. અનુચ્છેદ ૩૭૦ નાબૂદ કર્યા પછી સ્થિતિ વધુ ખરાબ થઈ છે અને તેઓ (કેન્દ્ર) માત્ર અમારી જમીન અને નોકરીઓ જ છીનવી રહ્યાં નથી પરંતુ અમારા સન્માન અને ગૌરવ સાથે પણ ખેલ કરી રહ્યાં છે. જ્યાં સુધી તેઓ આપણું અસ્તિત્વ ખતમ કરશે ત્યાં સુધી તેઓ અટકશે નહીં.' શાંતિપૂર્ણ રીતે આ સંઘર્ષને તેના તાર્કિક નિષ્કર્ષ પર લઈ જવા માટે લોકોના સમર્થનની માંગ કરતા, મુફ્તીએ કહ્યું કે તેને બંદૂકો અને પથ્થરો લીધા વિના પ્રાપ્ત કરવું જોઈએ.

પીડીપી નેતાએ આરોપ લગાવ્યો કે જમ્મુ અને કાશ્મીરના યુવાનોને હતાશામાં ધકેલવામાં આવે છે જેથી તેઓ ડ્રગ્સ લઈ શકે અથવા તેમને મારવા માટે બંદૂક હાથમાં લઈને તેમનું જીવન બરબાદ કરી શકે. ભાજપ સરકાર જ્યાં સુધી બહુમતી મતોના વિભાજનની ૧૦૦ ટકા ખાતરી નહીં કરે ત્યાં સુધી ચૂંટણી નહીં યોજે એવો દાવો. તેઓએ દાવો કર્યો હતો કે તેઓ પહેલાથી જ હિંદુઓને અલગ કરી ચુક્યા છે અને દલિતોને મારતા રહ્યા છે અને હવે તેઓ મુસ્લિમ મતોને અલગ-અલગ નામો, પક્ષો અને સંપ્રદાયોના આધારે વહેંચવા માંગે છે.

### મંત્રીશ્રીએ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકના વિદ્યાર્થીઓ માટે ગુજરાત સ્ટેમ ક્વિઝ નો પણ પ્રારંભ કરાવ્યો

# રાજ્ય કક્ષાની ત્રિદિવસીય "બાળ વિજ્ઞાન કોંગ્રેસ ૨૦૨૧" નો સાયન્સ સિટી ખાતે થી પ્રારંભ કરાવતા શિક્ષણ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી

શિક્ષણ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી દ્વારા રાજ્ય કક્ષાના ૨૯ માં રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન કોંગ્રેસ નો સાયન્સ સિટી ખાતે થી શુભારંભ કરવામાં આવ્યો છે.

મંત્રી શ્રી જીતુભાઇ વાઘાણીએ આ પ્રસંગે રાજ્યવ્યાપી STEM ક્વીઝનો બાળ વૈજ્ઞાનિકો માટે શુભારંભ કરાવ્યો હતો. STEM એટલે કે સાયન્સ-ટેક્નોલોજી- એન્જિનિયરિંગ અને મેથેમેટિક્સ ના સમન્વયને મંત્રીશ્રીએ શિક્ષણ રમત-ગમત અને સ્પર્ધાનો ત્રિવેણી સંગમ ગણાવી આ ફક્ત ક્વિઝ પૂરતી સીમિત ન રહી બાળકોના જીવન ઘડતરનું પગથિયું બને તેવો ભાવ તેમણે વ્યક્ત કર્યો હતો.

આ પ્રકારની આંતરરાષ્ટ્રીય કક્ષાની ક્વિઝનું આયોજન કરનાર ગુજરાત દેશમાં પ્રથમ રાજ્ય હોવાનું જણાવી ક્વિઝમાં રાજ્યના વધુમાં વધુ વિદ્યાર્થીઓને જોડાવવા અનુરોધ કર્યો હતો.

મંત્રીશ્રી જીતુભાઇ વાઘાણીએ આ પ્રસંગે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ અમદાવાદની સાયન્સ સીટી નો ઉત્તરોત્તર વિકાસ થઈ રહ્યો છે તેમ જણાવી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સાયન્સ સીટી ૨.૦ ના કાર્યક્રમમાં બાળકોની સર્જનાત્મકતા પર ધ્યાન કેન્દ્રિત કરવા કરેલા અનુરોધને સાયન્સસીટી દ્વારા સફળ દિશામાં સુંદર આયોજન થકી પરિપૂર્ણ કરવામાં આવી રહ્યું હોવાનું જણાવ્યું હતું.

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઇ શાહ ના સતત માર્ગદર્શનથી તેમના મત વિસ્તારમાં આવેલી સાયન્સ સીટી વિશ્વ સ્તરીય નજરાણું બન્યું છે તેમ પણ મંત્રી શ્રી એ જણાવ્યું હતુ.

મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ ના સહકાર હેઠળ રાજ્ય શિક્ષણ વિભાગ દ્વારા ધોરણ ૬ થી ઉપર ના વિદ્યાર્થીઓ માટે પણ તેમના નવોન્મેષ વિચારો અને પ્રયોગોને નવી દિશા આપવા સ્ટાર્ટઅપ પોલીસી હેઠળ પ્રોત્સાહન પૂરું પાડવાનો નિર્ણય રાજ્ય શિક્ષણ વિભાગ દ્વારા કરવામાં આવ્યો છે.

રાજ્ય કક્ષાની રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન સાયન્સ કોંગ્રેસમાં ૩૩ જિલ્લાઓ માંથી વિવિધ સ્પર્ધાઓમા શ્રેષ્ઠ પ્રદર્શન કરીને કરીને આવેલા વિદ્યાર્થીઓને મંત્રીશ્રીએ શુભેચ્છા પાઠવી હતી. આ વિદ્યાર્થીઓમાંથી ૩૩ વિદ્યાર્થીઓ રાષ્ટ્રીય સ્તરે રાજ્યનું પ્રતિનિધિત્વ કરશે તે માટે પણ મંત્રીશ્રીએ તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

માતાના ગર્ભમાં પણ વિજ્ઞાન સમાયેલું છે તેનો ઉલ્લેખ કરી જન્મ સાથે જ વિજ્ઞાન જોડાયેલુ હોવાનું જણાવી બાળક અને વિજ્ઞાનને ક્યારે છૂટું પાડી શકાતુ નથી તેમ મંત્રીશ્રીએ કહ્યું હતું.

આસપાસની દુનિયામાં થતી વિવિધ ગતિવિધિઓને સમજીને અવનવા પ્રયોગો કરી વિજ્ઞાનના સમન્વયથી બાળકો પોતાની જિજ્ઞાસાને ઉજાગર કરે છે. આ જિજ્ઞાસાને એક માધ્યમ પૂરું પાડવાનું કાર્ય આજના કાર્યક્રમે કર્યું છે.

બાળકોના સંશોધન અને વૈજ્ઞાનિક અભિગમ વિશ્વને નવીનીકરણની ભેટ આપે છે. રાજ્યનું સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ બાળકોના વિજ્ઞાન ક્ષેત્ર ની જિજ્ઞાસા વધારવા અને તેમના નવોન્મેષ વિચારોને ગતિ આપવા માટે શ્રેષ્ઠ કામગીરી કરી રહ્યું હોવાનું મંત્રીશ્રીએ કહ્યું હતું.

રાજયની સરકારી શાળાઓમાં પણ વિજ્ઞાન ક્ષેત્રે જિજ્ઞાસા વૃત્તિ ધરાવતા બાળકોની સંખ્યા વદી છે તેમ જણાવી હવે સરકારી સ્કૂલના બાળકો અનેકવિધ ક્ષેત્રમાં પોતાના શ્રેષ્ઠ પ્રદર્શન થકી અગ્રિમ ક્રમાંક પ્રાપ્ત કરી રહ્યા છે તેમ ઉમેર્યુ હતું.

શિક્ષણ મંત્રીએ આ કાર્યક્રમમાં રાજકોટ,ભાવનગર, પાટણ અને ભુજમાં આવનારા સમયમાં ૮૦ થી ૧૦૦ કરોડના ખર્ચે સાયન્સ મ્યુઝિયમ આકાર પામી રહ્યા હોવાનું જણાવી આ મ્યુઝિયમ (વિજ્ઞાન કેન્દ્રો) મનોરંજનની સાથે બાળકોની વિજ્ઞાન ક્ષેત્રની જિજ્ઞાસા માં વધારો કરશે તેવો આશાવાદ વ્યક્ત કર્યો હતો.

વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના સચિવ શ્રી વિજય નેહરાએ આ પ્રસંગે જણાવ્યું હતુ કે, રાજયના જીલ્લા સ્તરીય વિજ્ઞાન કેન્દ્રો બાળકોની જિજ્ઞાસાને સકારાત્મક દિશા આપવાનું શ્રેષ્ઠ કામ કરી રહ્યા છે.




તેમણે આજે રાજયભરમાં શરૂ કરાયેલ જીઈસ ક્વિઝને વિશ્વસ્તરીય ગણાવી આ નવતર પહેલ આવનારા સમયમાં બાળ વૈજ્ઞાનિકો માટે આશીર્વાદરૂપ સાબિત થશે તેવો મત વ્યક્ત કર્યો હતો.

અગાઉ સંશોધન પર વિકાસ નિર્ભર હતું, આજે ઉદ્યોગ સાહસિકતા વિકાસ નિર્ભર છે પરંતુ ભવિષ્ય જ્ઞાન આધારિત સમાજ પર નિર્ભર રહેશે તીવો વિશ્વાસ સાથે તેઓએ જ્ઞાનના પાયામાં વિજ્ઞાન સમાયેલું હોવાનું કહ્યું હતું.

રાજયના શિક્ષણ વિભાગના એકમ જીસીઈઆરટી દ્વારા રાજયની વિજ્ઞાનની વિવિધ ગતિવિધિઓ નો શ્રેષ્ઠ રીતે આયોજન આયોજનબદ્ધ રીતે પ્રચાર-પ્રસાર કરવામાં આવી રહ્યું હોવાનું જણાવ્યું હતું.

આજના કાર્યક્રમમાં વિજ્ઞાન અને ઔદ્યોગિક વિભાગના અધિક સચિવ શ્રીમતી ગાર્ગી જૈન કોસ્ટના શ્રી નરોત્તમ સાહુ, જિલ્લા કોર્ડિનેટર અને બાળ વિજ્ઞાનીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ. આયોજક : પ્રદીપ રાવલ




**NGO સાહિત્ય સરિતા**
**NG No. 39**
વિષય - સાસરિયું - પિયરીયું
પ્રકાર - પદ્ય - અછાંદસ
શીર્ષક - હેતનું પરગણું

પિયર મારું હેતનું પરગણું, પગલાં પનોતા માંડું,
પવનપાવડી લઈને ઉડું, જ્યારે મન થાય મળવાં ઘેલું,
ચાર દિવસની જિંદગીમાં, સાચાં સંબંધ મળે બે-ચાર!
માતા-પિતાએ આપ્યાં ભાઈ-બહેન, ખુશી એની અપાર!
સાથે રમતાં, સાથે જમતાં, મીઠું ઝઘડતાં સાથે!
હસતાં રમતાં થઈ ગયાં મોટાં, દરેક પગલે સંગાથે!
સુખ-દુઃખમાં સાથે જ રહીએ, આનંદ કેવો અનોખો!
જીવનને સભર બનાવે, ભાઈબહેનનો નહિ ક્યાંય જોટો!
હોય પિયરમાં માવતર તો દોડી જવાનું મન થાય!
માબાપની આતુર આંખો, રાહ જોતી ઝાંપે મંડાય!
તોલે ન આવે હેત માવતરનું, મૂલ એનાં નવ થાય!
રગરગમાં દોડે લોહી પ્રીતનું, આંખે આંસુ ઉભરાય!
લાગણી તો વહે તનમનમાં, એનાં ફૂલ ખીલે જીવતરમાં!
સ્નેહભરી આંખો વીરાની, હૈયે હેત અપાર ભીતરમાં!
હાક પડે બેનીની વીરાને તો વાર ન લગાડે લગાર!
રેશમનાં ચાર તાર થકી, સંબંધ સ્નેહનો વીર સંગ બાંધ્યું,
ચાર ચાર તારલાં, ને ચાર ચાર મોતી, વચ્ચે ગોટો ગુંથ્યું,
વરસે આશિષ □દયભર, બેનીનાં શબ્દે શબ્દ રસાળ!
હાથ હોય માથે ભાઈનો, દિલમાં ડર કોઈ ન થડકે!
ભાઈનું આખુંય કુટુંબ રહે સદાય બેનીનાં પડખે!
વીરનાં રખોપા, વ્હાલનું વાવેતર, જીવન થાય રળિયાત!
બે કર જોડી કરું પ્રાર્થના, વીરનું કુટુંબ રહે આબાદ!
ભાઈ તો છે છત્ર જીવનનું, બેનનો સ્નેહ વહે અવિરત!
ભાઈબહેનનો સંબંધ અતુલ્ય, ઈશ્વરની એ અમીરાત!
વિનવું હાથ જોડી ઈશ્વરને, દ્વાર પિયરનાં ખુલ્લાં રાખજે,
પ્રાર્થું પાય પડી પ્રભુને, મારાં પિયરને અમર રાખજે.

પ્રફુલ્લા "પ્રસન્ના", અમદાવાદ

---

**NOG S.S. ™tfh 0042**
વિષય- પિયરિયું/ સાસરિયું
પ્રકાર -ગદ્ય
શીર્ષક - લાગણીનાં સંબંધો

સાસરિયામાં ઉપાડેલા જવાબદારીનાં પોટલાંને હળવેકથી હેઠે મૂકી પોરો ખાવાનું સ્થળ એટલે પિયર. સતત ઘડિયાળનાં કાંટે કામ કરતી દીકરીને આરામ મેળવવાનું સ્થળ એટલે પણ પિયર ખરું ને? લગ્ન પછી દરેક સ્ત્રી કેટલાં અરમાનો અને ઉમંગ સાથે સાસરિયામાં ગૃહપ્રવેશ કરતી હોય છે. નવા વાતાવરણમાં આવી પોતાની પુરાણી દુનિયાને ભૂલ્યા વગર નવી દુનિયામાં તાલમેલ સાધીને બધાંનો સ્નેહ પામવા મથતી હોય છે. ત્યારે તેની અપેક્ષા સોના -ચાંદી કે હીરા-મોતી મેળવવાની નથી હોતી. બસ બધાંના દિલમાં રાજ કરવું એ જ મહેચ્છા હોય છે. દરેક વ્યક્તિ તેને નવાં સંબોધનથી બોલાવે છે. ત્યારે એ દરેક સંબંધને જીવવા મથતી હોય છે. વહુ, પત્ની, ભાભી,દેરાણી, જેઠાણી જેવા સંબંધને જીવનરૂપી રંગમંચ પર નવા પાત્ર રૂપે ભજવતી હોય છે. એ ભાવ સ્ત્રી માટે અદેકરો હોય છે. આ બધાં સંબંધ નિભાવતાં જાણ્યે અજાણ્યે ભૂલ થાય ને કોઈ ' પારકી જણી ' નું લેબલ લગાવે ત્યારે સ્ત્રીને ધરતી માર્ગ આપે તો સમાઈ જવાનું મન થતું હશે ખરું ને? કારણ કે એક છોડને પણ બીજી ધરતી પર વાવતાં તેનો ઉછેર થતાં સમય લાગે. જ્યારે સ્ત્રીએ સાસરિયાંમાં લોહીના નહિ લાગણીનાં સંબંધોનું વાવેતર કરવાનું હોય છે તો તેને ઉજરતાં વાર તો લાગવાની જ. આવા સમયે સાસરિયા થોડી ધીરજ કેળવે અને મન મોટું રાખે તો દીકરીને સાસરિયામાં પણ સ્વર્ગને રચતાં વાર નથી લાગતી. એ સ્વર્ગમાં પારકા પોતાનાનો ભેદ સ્ત્રી ક્યારે ભૂલી જાય છે એની તેને પણ ખબર નથી પડતી.

આમ પિયરિયાંમાં લાડકોડથી ઉછરેલી દીકરી સાસરે જતાં નવાં સંબંધોમાં પ્રેમ અને લાગણીનાં તાણાવાણા ગુંથી એક એવા માળાની રચના કરી પોતાનું સમગ્ર અસ્તિત્વ સમર્પિત કરી દે છે.

PUja ALaka KaanAani

---

**NOG SS NO- 0088**
વિષય શબ્દ- પિયરીયું - સાસરિયું
પ્રકાર- ગદ્ય
શીર્ષક- જગદીવડીઓ કેમ ઓલવાય?

પ્રાચીન સમયથી તત્કાલીન સમાજવ્યવસ્થાનું સીધું પ્રતિબિંબ જે તે સમયના લોકસાહિત્યમાં ઝીલાય છે.

દાદા હો દીકરી..વાગડમાં ના દેજો રે સઈ..વાગડની વઢિયારી સાસુ દોહ્યલી રે..

સાવ કાચી ઉંમરે પરણાવાતી દીકરીઓનાં ભાવિનાં રંગીન સ્વપ્નો પૂરાં થાય તે પૂર્વે જ સાસરિયાં અત્યંત શારીરિક અને માનસિક ત્રાસ આપે છે.. ત્યારે પિયરના સંસ્કારોની આબરું સાચવવા તે બધું મૂંગા મોઢે સહી લે છે. ઘણીવાર સહનશક્તિની ઓટ આવે ત્યારે કરુણાંતિકા સર્જાય છે.

આવી જ એક કરુણાંતિકા મારી માએ કહેલી... મધુનાં પિયરીયાં ખૂબ સુખી ને સંપન્ન હોવાથી તે લાડકોડથી ઉછરેલી. સોળવર્ષ થતાં સમાજમાં સારું ઘર જોઇને પરણાવેલી. સાસરે શરૂમાં બધું સારું હતું. પણ પછીથી અસહ્ય શારીરિક અને માનસિક ત્રાસ આપવાનો શરૂ થયો. પહેલાં સંદેશાવ્યવહારનાં સાધનો ટાંચા ને તેને પત્ર લખવાની છૂટ નહી. વાયા-વાયા દીકરીના દુઃખની પિતાને ખબર પડી. પિતૃહૃદય દીકરી માટે તડપી ઊઠ્યું ને રૂબરૂ જોવા દીકરીનાં સાસરે ગયા.

સાસરીયાંથી ડરેલી દીકરીએ પિતાને કાંઈ ના કહ્યું ને હસતાં મુખે આગતાસ્વાગતા કરી.. છતાં પિતા દુઃખને કળી ગયા..

પિતાએ સીધું જ કહ્યું કે- "તારા દુઃખના સમાચાર જાણીને બેટા, તને તેડવા આવ્યો છું.. ચાલ ઘરે તારો બાપ જીવે છે ત્યાં લગી તારે દુઃખ વેઠવાની જરૂર નથી." ત્યારે દીકરીએ હસીને, એ બધું ખોટું છે કહીને વાત ઉડાવી દીધી.. ત્યારે બાપે દીકરીને થોડા દિવસ માટે પણ પિયર તેડી જવા આગ્રહ કર્યો, ત્યારે દીકરીએ સણસણતું સંભળાવ્યું કે- "મારાં સાસરીયાં જેવાં છે તેવાં મારાં છે જેમાં તમારે પડવાની જરૂર નથી. સુખ કે દુઃખ વેઠી જાણીશ. પિતા દુઃખી હૃદયે નીકળી ગયા.

ટ્રેનને હજું ઘણી વાર હતી.. ત્યારે નજીકમાં આવેલા સિનેમાગૃહમાં તેઓ ફિલ્મ જોવા ગયા. તે ગુજરાતી ફિલ્મ હતી ★દાદા હો દીકરી★ પોતાની દિકરીના જીવન જેવી જ અત્યંત કરુણ ફિલ્મ જોતાં જ પહાડ જેવા બાપનું હૃદય બેસી ગયું. દીકરીને પણ દેવ જેવા પિતા પાસે જુઠું બોલી હૃદય દુભવ્યાનું માઠું લાગતાં આગ ચાંપીને જાત બાળી. એકસાથે પિયરમાંથી પિતાની અને સાસરેથી દીકરીની અર્થીઓ ઊઠી. સમાજમાં હાહાકાર થયો.

હવે સમાજજીવનમાં આમૂલ પરિવર્તનો આવ્યાં છે... છતાં હજુએ સમાજમાં આવા કિસ્સા જોવા મળે છે, ત્યારે હૃદય ચિખી ઊઠે છે.. કે ક્યાં સુધી પિયરિયું ને સાસરિયું દીપાવતી આવી જગદીવડીઓ ઓલવાતી રહેશે?.. શા માટે?.. કોના પાપે?..

ડો. મનીષા વ્યાસ, અમદાવાદ

---

**NOG SS NO - 0050**
વિષય - સાસરિયું પિયરયુ
શીર્ષક - દીકરી મારી

પ્રાચીન કાળથી જૂની પરંપરા આપણાં હિન્દુ સમાજમાં..!
આવ્યો કેવો રુડો અવસર હરખાતું કુટુંબ આજ..!
લીલા તોરણો બંધાય આંગણે..!
તારાં લીધે ખેલાતું કૂદતું ઘર..!
તે ઘર સૂનું થઈ જશે આજે..! મારી ચરકલી
લગ્ન મંડપમાં સોભાગ્ય તણો શોળે શણગાર સજી..!
પહેરી મોસાળાનું પાનેતર મામા ઘરેથી આવેલું રૂડું..!
એ પાનેતર માં કેટલાં અરમાન
શોહે છે...!
મા-બાપની લાડકો થી ઉછરેલી કાળજાનો ટુકડો મારો...!
લાલ લીલા ભાતીગળનું...! હૈયાનો હાર સમું..!
દીકરી આજ પીયુજીને મોહવા ચાલી....!
ભાલે કર્યો કુમકુમનો ચાંદલો, ને હાથમાં પહેરે હાથીદાંતના ચુડલા...!
કાને ઝુમખા , નાકે દામણી ચમકે ..!
હાથે પિયુ નામની મહેંદી ,
ઘાંટા લાલ રંગની પીયુ સંઘનો પ્રેમ બતાવે..!
સજી સોળે શણગાર ચાલી માંડવે..!
છોડી માતા-પિતાની માયા ,
જીવનની ઉર્મિઓને ભરી ખોળે..!
જીવન મહેકાવવા પીયુ સંગ, જીવનની જીજીવિષાઓ જાગી...!
ઢોલ નગારાં વાગતાં માંડવે ચોરીના ફેરા ફરવા એજ સાચો ધર્મ..!
પરાયાને પોતાનાં કરવાં..! હેતનું ઝરણું વરસાવવા..!
બન્ને કુળને તારવા ચાલી મારી ચરકલી...!
તારા સૌભાગ્યને વધાવજે..! સદાય સોભાગ્યવતી બનીને રહેજે...!
પિયરના સ્મરણોને અંતરમાં સમાવી,
બેઉ ઘરની મર્યાદા નિભાવજે...!
પોતાપણું કરવાં માટે એ પારકાને મનમાં ધરી ભીંજાય છે..!
એ દિલ મહીં પોખાય છે..!
મારાપણાની ભાવના અદભુત..!
ભેદોને ભંડારીને ત્રોફાય છે...!
ઘૂઘરીનાં રણકારમાં મન પિયુ તણું મોહાય..!
પ્રીતનું પહેર્યું પાનેતર આવી મંગળ ફેરા ફરવા સાત વચનો, સાથ ફેરામાં દીપતુ સિંદૂર ધારણ કરવા પીયુ હસ્તે...!સોહાગી શણગાર કરી આવી..!
નવવિવાહિત બનવા,
સોભાગ્યવતીનાં આશિષ લેવાં..!
છોડી પિયરની માયાને બે ઘરને શોભાવવા..
સપનાં સાકાર કરવાં..!
દીકરીને માવતરની ચિંતા સાસરે પણ હોય..!
એને મન થાય ત્યારે આવી શકે મારી ચરકલી..!
પપ્પાના ઘરે આવવા ના જોઈએ કોઈની રોકટોક..!

રાગીની શુક્લ "રાગ"

---

**NOG.SS.NO:0032**
વિષયઃ સાસરિયું પિયરિયું
શીર્ષકઃ ભાભીમા

કોયલથી પણ મીઠો મધુરો ટહુકો ,
મુખેથી બોલશો, જ્યારે ભાભીમા.
ભાવ એના ભરપૂર મિસરી જેવા ,
દિલથી બોલશો, જયારે ભાભીમા.
મારી "મા"ને વિસારે મારા ભાભીમા,
એવી ભાભીમાની લાગણીઓ.
વાત્સલ્યનો દરિયો મારા ભાભીમા,
સમયને વિસારી દે મારા ભાભીમા.
પલમાં હસાવે ,પલમાં મનાવે,
એવા છે મારા ભાભીમા.
જુગલજોડી છે અમારી સખીઓની,
એવા છે મારા ભાભીઓ.
લક્ષ્મી- જગદંબા- અન્નપૂર્ણાનો અવતાર,
એવા છે મારા ભાભીમા.
હથેળીમાં રાખે એવા છે મારા ભાભીમા,
"મા"ની ખોટ ના સાલે એવા મારા ભાભીમા.

મીના માંગરોલીયા મીનુ

---

**NOG SS No.- 0075**
વિષય :સાસરિયું-પિયરીયું
પ્રકાર : ગદ્ય(લેખ)
શીર્ષકઃ સાસરિયું-પિયરીયું
સાસરિયું --પિયરીયું

આપણી જીવનવ્યવસ્થામાં સાસરિયું અને પિયરીયું એટલે જાણે પ્રચંડ વેગે વહી જતી સમય નામની નદીનાં સામસામે કાંઠે વસેલાં બે જુદાં નામધારી ઘર.

જે કુટુંબમાં જન્મ લીધો, કેળવણી, શિક્ષણ અને સંસ્કાર પામી મોટા થયાં, કારકિર્દી ની શરૂઆત કરી તે પિયર . આ મંગળ વારસો લઈ નૂતન સંસારયાત્રાના આરંભ માટે જીવનસાથીના કુટુંબની ચોખટ પર ગયા તે સાસરિયું. આપણી સામાજિક વ્યવસ્થા એવી ગોઠવાઈ છે કે લગ્ન નામનાં પુલ દ્વારા જ પિયરીયેથી સાસરિયે પહોંચાય. લગ્ન સંબંધ જ આપણું પિયરીયું અને સાસરિયું નક્કી કરે.

આ તો થઈ લગ્નસંસ્થાની વાત પણ સામાજિક પ્રથા મુજબ લગ્ન બાદ નવવધુએ માબાપનું કુટુંબ છોડી, પતિના કુટુંબમાં જઈને રહેવું પડે, ભળવું પડે અને પોતાનું જીવન સાસરાનાં કુટુંબને અનુકૂળ થાય તેમ ગોઠવવું પડતું હોય છે. જો નવવધૂનો સાસરિયા સાહજિક સ્વીકાર પ્રેમથી કરે , મન ,વર્તન અને વ્યહવારને નવા પરિવેશમાં ઢાળવા માટે તેને પૂરતો સમય આપે તો અંતે બધું શુભ મંગલ થાય અને એક સુખી માળો સર્જાય. પરંતુ વાસ્તવમાં બહુ ઓછા કુટુંબોમાં તેમ બનતું હોય છે. તેનાં ઘણાં કારણો છે.

દરેક માબાપ ખૂબ પ્રેમ અને લાડકોડથી પોતાનાં સંતાનનો ઉછેર કરતાં હોય. તેમાંય દીકરીનું વિશેષ જતન કરશે કેમ કે યુવાન થતાં જ તે પોતાનો માળો બાંધવા અન્ય ઘેર જતી જ રહેવાની છે. માબાપનું દુર્લભ હેત, કેળવણી અને ભાઈ બહેનના લોહી અને લાગણીનાં અમૂલ્ય સંબંધોને પાછળ છોડીને જતી પરિણીતાને નવી જીવન વ્યવસ્થામાં ગોઠવાતાં વાર લાગે છે. મહિયરની માયા ઝટ છૂટતી નથી કારણકે તે બધા સંબંધો લોહીનાં સંબંધો છે. જ્યારે સાસરિયામાં તો માત્ર પતિ જ પોતાનો લાગતો હોય, તેનાં માતાપિતા, ભાઈ બહેન સહુને પોતાનાં બનાવવાનાં હોય છે. આથી તેના માટે સાસરિયામાં સમાવાનું કપરું હોય છે.

જો શ્વસુરપક્ષે પણ વહુને પોતાનાં કુટુંબમાં સમાવી લેવાના પ્રયત્નો થાય, પોતાના ઘરના વ્યહવાર અને જીવન પદ્ધતિમાં ભેળવી લેવાના પ્રયત્નો થાય , તેની અવગણના ન થાય તો નવદંપતિની ગાડી સડસડાટ ચાલતી થઈ જાય.

વર માટે તો સાસરિયું એટલે સ્વર્ગ કેમકે કદીક આવતાં જમાઇરાજને સાસરામાં અદકેરાં માનપાન મળે છે. પોતાની લાડકીને જીવનપર્યંત સાચવનાર જમાઈની દીકરા કરતાં પણ વિશેષ સરભરા થતી હોય છે. અલબત્ત અપવાદ દરેક કિસ્સામાં રહેવાનાં જ. આતો થયી સાંસારિક વાત પણ અધ્યાત્મની દ્રષ્ટિથી વિચારતાં મને કબીર સાહેબના પેલા ભજનની પંક્તિઓ જ યાદ આવે.

" વો દુનિયા મેરે બાબુલકા ઘર, યે દુનિયા સસુરાલ
જા કે નજરે મિલાવું કૈસે, ઘર જાઉં કૈસે ,
લાગા ચુનરી પે દાગ મિટાવું કૈસે......

કૌમુદી સોની

# ડાંગમા ૩૯ ગ્રામ પંચાયતોમા નોંધાયુ સરેરાશ ૮૪.૮૯ ટકા મતદાન



આહવા : તા : ૨૦

ડાંગ જિલ્લામા ગઈ કાલે યોજાયેલી ૩૯ ગ્રામ પંચાયતોના ૩૬ સરપંચ તથા ૩૨૬ સભ્ય પદ માટેના મતદાનને અંતે કુલ સરેરાશ ૮૪.૮૯ ટકા મતદાન નોંધાવા પામ્યુ છે.

જિલ્લા ચૂંટણી તંત્ર પાસે થી પ્રાપ્ત થયેલી વિગતો અનુસાર આહવા તાલુકામા નોંધાયેલા ૧૩ સરપંચો માટેના ૧૮,૮૯૪ પુરુષ અને ૧૮,૮૯૭ સ્ત્રી મતદારો મળી કુલ ૩૭,૭૯૧ મતદારો પૈકી ૧૫,૭૮૫ પૂરુષ અને ૧૫,૬૪૧ સ્ત્રી મળી કુલ ૩૧,૪૨૬ મતદારોએ મતદાન કરતા સરપંચ પદ માટે ૮૩.૧૬ ટકા મતદાન નોંધાયુ હતું. જ્યારે ૧૧૭ વોર્ડના સભ્યો માટે નોંધાયેલા ૧૮,૪૧૨ પુરુષ અને ૧૮,૪૩૭ સ્ત્રી મળી કુલ ૩૬,૮૪૯ મતદારો પૈકી ૧૫,૨૬૬ પુરુષ અને ૧૫,૧૫૮ સ્ત્રી મળી કુલ ૩૦,૪૨૪ મતદારોએ તેમના મતાધિકારનો ઉપયોગ કરતા સભ્ય પદ માટે ૮૨.૫૬ ટકા મતદાન નોંધાયુ હતુ. આમ, આહવા તાલુકામા સરેરાશ ૮૨.૮૬ ટકા મતદાન થવા પામ્યુ હતુ.

જ્યારે વઘઇ તાલુકામા નોંધાયેલા ૧૩ સરપંચો માટેના ૧૫,૮૪૧ પુરુષ અને ૧૫,૮૯૦ સ્ત્રી મતદારો મળી કુલ ૩૭,૭૩૧ મતદારો પૈકી ૧૩,૯૧૨ પૂરુષ અને ૧૩,૮૬૪ સ્ત્રી મળી કુલ ૨૭,૭૭૬ મતદારોએ મતદાન કરતા સરપંચ પદ માટે ૮૭.૫૪ ટકા મતદાન નોંધાયુ હતુ. જ્યારે ૧૨૪ વોર્ડના સભ્યો માટે નોંધાયેલા ૧૬,૨૮૬ પુરુષ અને ૧૬,૨૯૭ સ્ત્રી મળી કુલ ૩૨,૫૮૩ મતદારો પૈકી ૧૪,૩૫૧ પુરુષ અને ૧૪,૨૧૯ સ્ત્રી મળી કુલ ૨૮,૫૭૦ મતદારોએ તેમના મતાધિકારનો ઉપયોગ કરતા સભ્ય પદ માટે ૮૭.૬૮ ટકા મતદાન નોંધાયુ હતુ. આમ, વઘઇ તાલુકામા સરેરાશ ૮૭.૬૧ ટકા મતદાન થવા પામ્યુ હતુ.

તેજ રીતે સુબિર તાલુકામા નોંધાયેલા ૧૦ સરપંચો માટેના ૧૨,૧૫૦ પુરુષ અને ૧૧,૭૬૧ સ્ત્રી મતદારો મળી કુલ ૨૩,૯૧૧ મતદારો પૈકી ૧૦,૪૨૭ પૂરુષ અને ૯,૭૧૪ સ્ત્રી મળી કુલ ૨૦,૧૪૧ મતદારોએ મતદાન કરતા સરપંચ પદ માટે ૮૪.૨૩ ટકા મતદાન નોંધાયુ હતું. જ્યારે ૮૫ વોર્ડના સભ્યો માટે નોંધાયેલા ૧૨,૦૨૭ પુરુષ અને ૧૧,૬૨૯ સ્ત્રી મળી કુલ ૨૩,૬૫૬ મતદારો પૈકી ૧૦,૩૨૮ પુરુષ અને ૯,૫૯૪ સ્ત્રી મળી કુલ ૧૯,૯૨૨ મતદારોએ તેમના મતાધિકારનો ઉપયોગ કરતા સભ્ય પદ માટે ૮૪.૨૨ ટકા મતદાન નોંધાયુ હતુ. આમ, સુબિર તાલુકામા સરેરાશ ૮૪.૨૨ ટકા મતદાન થવા પામ્યુ હતુ. આમ, ડાંગ જિલ્લામા કુલ ૩૬ સરપંચો માટે ૪૦,૧૨૪ પુરુષ મતદારો અને ૩૯,૨૧૯ સ્ત્રી મતદારો મળી કુલ ૭૯,૩૪૩ મતદારોએ મતદાન કર્યુ હતુ જયારે ૩૨૬ સભ્યો માટે ૩૯,૯૪૫ પુરુષ અને ૩૮,૯૭૧ સ્ત્રી મળી કુલ ૭૮,૯૧૬ મતદારોએ મતદાન કરતા જિલ્લામા સરેરાશ ૮૪.૮૯ ટકા મતદાન નોંધાયુ છે.

ઉલ્લેખનિય છે કે, ડાંગ જિલ્લામા આહવા તાલુકામા એક તથા વઘઇ તાલુકામા એક મળી કુલ બે પંચાયતો, આ અગાઉ જ બિન હરીફ જાહેર થઈ હતી. સાથે અન્ય ૩ સરપંચો પણ બિનહરીફ થતા, અહી કુલ ૫ સરપંચ, અને ૪૪ સભ્યો બિનહરીફ જાહેર થઈ ચૂક્યા છે. ત્યાર બાદ અહી ૩૬ સરપંચ તથા ૩૨૬ સભ્ય પદ માટે શાંતિપૂર્ણ માહોલમા મતદાન યોજાયુ હતુ.

નરેન્દ્ર પવાર, આહવા ડાંગ

# ગાંધીનગર ખાતે ત્રણ દિવસ ચાલનારા ખાદ્યખોરાક એક્સપો કેબિનેટ મંત્રી રાજેન્દ્ર ત્રિવેદી ના હસ્તે ખુલ્લો મુકાયો

આજ રોજ ગાંધીનગર ખાતે ખાદ્ય ખોરાક ૨૦૨૧ એક્ઝિબિશન ત્રણ દિવસ સુધી ચાલનાર છે તેનું ઉદ્‌ઘાટન રાજ્યના કેબિનેટ મંત્રી શ્રી રાજેન્દ્ર ભાઈ ત્રિવેદીના હસ્તે કરવામાં આવ્યું. ભારતીય ખાદ્ય ખોરાક ઈન્ડસ્ટ્રીઝ ની અંદર છેલ્લા ૧૭ વર્ષથી કાર્ય કરી રહેલા પ્રકાશભાઈ તથા હિમાચલ ભાઈ મહેતા ના સુચારૂ આયોજનથી ગાંધીનગર હેલીપેડ ગ્રાઉન્ડ ખાતે આજરોજ તારીખ ૧૯ ડિસેમ્બર ૨૦૨૧ ના રોજ શરૂઆત કરવામાં આવી.

આ પ્રદર્શન ત્રણ દિવસ સુધી ચાલશે જેમાં ખાદ્ય અને ખોરાક ને લગતા આધુનિક મશીનો નવી રેસિપીઓ તથા અત્યાધુનિક વિચારધારાઓ પ્રદશિત કરવામાં આવશે. કાર્યક્રમની શરૂઆતમાં ડિરેક્ટરી ની વિમોચન કરવામાં આવ્યું હતું તથા ઓટોમેટીક ચા બનાવવાના મશીન રોબોટ અને કોમ્પેક્ટ સમોસા પેકિંગ મશીન નું પણ વિમોચન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ચિત્ર પ્રદર્શન નું પણ આયોજન કરવામાં આવ્યું હતું સાથે સાથે ઈન્ડસ્ટ્રીઝમાં વિશિષ્ટ ક્ષેત્રે કાર્ય કરતા વ્યક્તિઓને ખાદ્યખોરાક રત્ન થી નવાજવામાં આવ્યા હતા. ગુજરાત રાજ્યના મહેસૂલ અને કાયદા મંત્રી શ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદી એ પ્રાસંગિક પ્રવચન આપતા જણાવ્યું હતું કે ફૂડ ઈન્ડસ્ટ્રીઝ એ અત્યંત જરૂરી તથા સમય પ્રમાણે આધુનિક બનતી ઈન્ડસ્ટ્રીઝ છે. કારણ કે ખાવાનું ક્યારે બંધ થવાનું નથી આવા સમયે છેલ્લા ૧૭ વર્ષથી કાર્ય કરી રહેલ પ્રકાશભાઈ તથા હિમાચલ ભાઈ મહેતાની કામગીરીને તેઓએ બિરદાવી હતી. વડોદરાનો એક દાખલો આપતાં તેમણે જણાવ્યું હતું કે વડોદરાની એક જ પાર્ટી માત્ર એક દિવસમાં એક લાખ સમોસા એક્સપોર્ટ કરે છે. વ્યક્તિએ શું ખાવું અને શું ન ખાવું તે જાતે નક્કી કરવાનું છે પરંતુ સારું અને સાત્વિક ભોજન મળી રહે તેની જવાબદારી ફૂડ ઈન્ડસ્ટ્રીઝ ની છે. આ પ્રસંગે શ્રી વિજયદાસજી મહારાજ, ફૂડ કમિશનર શ્રી એચ જી કોશિયા, ભાજપ પ્રદેશ ના મીડિયા કન્વીનર શ્રી યજ્ઞેશ દવે , કમલેશ ભાઈ કંદોઈ, શ્રી ગૌરવ શેઠ, ડૉ બૈજુ મહેતા , શ્રી ઉમેશ વ્યાસ સહિત મહાનુભાવો એ હાજરી આપી હતી.

# રાજ્યમાં આગામી બે દિવસ સુધી પડશે હાડ થીજવતી ઠંડી

અમદાવાદ,તા.૨૦

રાજ્યમાં ઠંડીએ પોતાનુ જોર વધારી દીધુ છે. અમદાવાદ સહિત ગુજરાતમાં ઠંડીની ધીમીગતિથી શરૂઆત થઈ ચુકી છે. લઘુત્તમ તાપમાનમાં પણ હવે દિવસેને દિવસે ઘટાડો થઈ રહ્યો છે. અમદાવાદ સહિત રાજ્યનાં મોટાભાગનાં વિસ્તારોમાં આજે પારો ગગડ્યો હતો. હવામાન વિભાગનાં કહેવા મુજબ જ લઘુત્તમ તાપમાનમાં હવે ઘટાડો થઈ રહ્યો છે. લઘુત્તમ તાપમાન હજુ પણ ઘટી શકે છે. આગામી ૨ દિવસમાં લઘુત્તમ તાપમાનમાં વધુ ફેરફાર થશે તેવી પણ હવામાન વિભાગે આગાહી આપી છે.

રાજ્યમાં ધીમે ધીમે હાડ થીજવતી ઠંડીનું આગમન થઇ ચુક્યુ છે. વળી હવામાન વિભાગની વાત કરીએ તો આગામી બે દિવસ સુધી નલિયામાં કોલ્ડવેવની આગાહી છે. કહેવાઇ રહ્યુ છે કે, ઠંડીમાં વધારો ઉત્તર પૂર્વીય પવનનાં લીધે પડશે. આ પવનની ગતિ અંદાજે ૩૦ થી ૪૦ કિમીની રહેશે.

જે કારણોસર ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં ઠંડીનું જોર વધશે. હવામાન વિભાગની માનીએ તો આગામી બે દિવસમાં રાજ્યમાં ૨ થી ૩ ડિગ્રી લઘુત્તમ તાપમાનમાં ઘટાડો થશે. વળી એવો પણ અનુમાન છે કે, આગામી ૨૧ ડિસેમ્બર બાદ ઠંડીનું જોર ઘટશે. જેની અસર મેટ્રો સિટી અમદાવાદ અને કેપિટલ ગાંધીનગરમાં પણ જોવા મળશે. રાજ્યનાં અલગ-અલગ શહેરમાં ઠંડીની વાત કરીએ તો તે આ મુજબ છે

રાજ્યમાં સૌથી વધુ ઠંડી નલિયામાં નોંધાઈ છે, જયા તાપમાન ૪.૨ ડિગ્રી રહ્યુ છે. ઉપરાંત ડીસામાં ૭.૮ ડિગ્રી, પાટણમાં ૭.૮ ડિગ્રી, રાજ્યનાં પાટનગર ગાંધીનગરમાં ૧૦ ડિગ્રી, ભૂજમાં ૧૦ ડિગ્રી, મેટ્રો સિટી અમદાવાદમાં ૧૧.૨ ડિગ્રી, રાજકોટમાં ૧૧.૨ ડિગ્રી, વડોદરામાં ૧૧.૬ ડિગ્રી, ભાવનગરમાં ૧૫.૪ ડિગ્રી, પોરબંદરમાં ૧૫.૬ ડિગ્રી અને સુરતમાં ૧૬.૫ ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયુ હતુ.

# શિક્ષણ ખાતાના પ્રવૃત અને નિવૃત્ત કર્મચારીઓ નો સ્નેહ મિલન કાર્યક્રમ યોજાયો



શિક્ષણ ખાતાના પ્રવૃત્ત અને નિવૃત્ત કર્મચારીઓના પરમ મિત્ર ગૃપ દ્વારા સ્નેહ મિલન કાર્યક્રમ આનંદીબા પીટીસી કોલેજ કેમ્પસ, અમદાવાદ ખાતે યોજાયો હતો.આ કાર્યક્રમમાં શિક્ષણ ખાતાના મંડળના ભૂતપૂર્વ પ્રમુખશ્રીઓ સર્વશ્રી અશોકભાઈ દલાલ,આઈ.કે.પટેલ અને જગદીશભાઇ પરમાર તથા વર્તમાન પ્રમુખશ્રી નાગજીભાઈ ચૌધરી અને મહિલા પ્રમુખ ગીતાબા ચૌહાણ ઉપસ્થિત રહ્યા હતા.ઉપરાત નોકરીમા પ્રવૃત્ત કર્મચારીઓ અને નિવૃત્ત કર્મચારી મિત્રો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ ની શરૂઆત શ્રી આશુતોષ ગુપ્તા જી દ્વારા પ્રાથના બાદ કરવામાં આવી હતી

પરમ મિત્ર ગૃપના સભ્ય શ્રી આસુતોષ ગુપ્તાએ ફિલ્મી ગીતો દ્વારા મનોરંજન પૂરું પાડ્યું હતું. સ્નેહ મિલન કમિટીના સભ્યો દ્વારા ભૂતપૂર્વ પ્રમુખશ્રીઓ તથા વર્તમાન પ્રમુખશ્રીનું બુકેથી સ્વાગત કરવામાં આવ્યું હતું. ભૂતપૂર્વ પ્રમુખશ્રી અશોકભાઈ દલાલ દ્વારા કોરોના કાળમાં વિશેષ સહયોગ આપનાર ડો. રમેશભાઈ જોશી નિવૃત્ત અધિક્ષકનુ બહુમાન કરવામાં આવ્યું હતું.અને ડો.રમેશ જોશી તથા તેઓના સુપુત્ર ડો.રોનક જોશીનો આભાર માન્યો હતો.સ્નેહ કમિટી દ્વારા શ્રી જી.કે.પરમારનુ કર્મચારીઓના પ્રશ્નો તથા કોર્ટ મેટરમાં મદદરૂપ થવા માટે વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમ સફળ બનાવવા માટે સ્નેહ મિલન કમિટીના સભ્યો સર્વશ્રી જી.કે.પરમાર, ભુપેન્દ્ર ગજ્જર, ગીતાબા ચૌહાણ, હસમુખ શર્મા, મોતીભાઈ વણકર, બંકીમ બ્રહ્મભટ્ટ, અતુલ બ્રહ્મ ભટ્ટ, જયેન્દ્ર વ્યાસ, હરેશ ચાવડા,હેતલ શાહ, મહેન્દ્રભાઈ પરમાર, ડીમ્પલ લેઉવા, નિશીત પારેખ તથા રશ્મિન મહેતાનો ગૃપ એડમીન શ્રી અશ્વિન પટેલે આભાર માન્યો હતો. શ્રી ડૉ ગુલાબચંદ પટેલ દ્વારા આ કાર્યક્રમ માં કવિતા હિન્દી માં× કૃષ્ણ કનેયા રે એસી બંસી બજા દે રે ×પ્રસ્તુત કરી હતી, શ્રી મોતીભાઈ વન કર દ્વારા ગુજરાતી માં રચના પ્રસ્તુત કરી હતી તથા શ્રી જી કે પરમાર દ્વારા વિદાય ગીત રજૂ કરવામાં આવ્યું હતું આ કાર્યક્રમ માં શ્રી રમેશ ભાઇ નો કોરાના કાળ દરમિયાન આપેલ નિઃશુલ્ક સેવાઓ માટે પૂર્વ પ્રમુખ શ્રી દલાલ ભાઈ દ્વારા ગુલાબ ના ફૂલો ની ફૂલ માળા થી સન્માન કરવામાં આવ્યું હતુ આ કાર્યક્રમ માં શ્રી શર્મા જી ને આ કાર્યક્રમ ના આયોજન મા સુંદર કામગીરી માટે રૂપિયા ૫૦૦ નું ઈનામ આપી અતુલ ભાઈ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું

અને આ કાર્યક્રમનું સંચાલન શ્રી ભુપેન્દ્ર ગજ્જરે કર્યું હતું.આભારવિધિ શ્રી બંકીમ બ્રહ્મભટ્ટે કરી હતી.

ડૉ ગુલાબચંદ પટેલ



અખિલ ભારતીય પત્રકાર સુરક્ષા સમિતિ દ્વારા સમગ્ર ગુજરાત.મુંબઈ અને દિલ્હી થી પત્રકારો મોટી સંખ્યામાં સર્કિટ હાઉસ ગાંધીનગર ખાતે પધાર્યા હતા..રાષ્ટ્રીય અધ્યક્ષ જીજ્ઞેશ કાલાવડીયા આયોજિત રાજ્યો ના અધ્યક્ષ,કારોબારી તેમજ અખબ્રો ના તંત્રીઓ.પત્રકારો હજાર રહ્યા હતા..મુખ્ય મહેમાન પદે પાટીદાર આગેવાનો આર.પી.પટેલ,હિમાંશુ પટેલ(કોંગ્રેસ પ્રવક્તા),મુકેશ પટેલ,લક્ષ્મણ પટેલ હાજર રહ્યા હતા.. ડો.હિમાંશુ પટેલ તેજાબી વાણી માં પત્રકારો ના સમૂહ ને સંબોધન કરી સરકારી નીતિ રીતિ ઉપર કટાક્ષ કર્યા હતા..સ્વર્ગસ્થ પત્રકારો ને માટે અંજલિ પણ અપાઈ હતી..કાર્યક્રમ ખૂબ સફળ પુરવાર થયો હતો..

## ઈટાલિયાને ઈજા, અનેકનાં માથાં ફૂટ્યાં, ઈસુદાનની અટકાયત

# કમલમમાં સંગ્રામ: પેપર લીક કાંડમાં ભાજપના કમલમને AAPએ ઘેર્યું, પોલીસે દોડાવી દોડાવીને માર્યા



રાજયમાં ગઈ ૧૨મી ડિસેમ્બરે યોજાયેલી હેડ ક્લાર્કની પરીક્ષાનું પેપર ૩ દિવસ પહેલાં જ લીક થઈને કેટલાક લોકો સુધી સર્ક્યુલેટ થયું હતું. જેનો સરકારે પણ સ્વીકાર કરી લીધો છે. ત્યારે આ પેપરલીક કાંડ મામલે AAPના નેતાઓ અને કાર્યકરો ભાજપના પ્રદેશ કાર્યાલય કમલમ ખાતે વિરોધપ્રદર્શન કરવા પહોંચ્યા હતા. જ્યાં પોલીસે લાઠી ચાર્જ કરતા ગોપાલ ઈટાલિયાની પીઠમાં સોળ ઉઠી ગયા હતા. જ્યારે કેટલાક કાર્યકરોના માથા ફૂટ્યાં હતા.

આ ઘર્ષણ બાદ ભાજપની મહિલા કાર્યકર શ્રદ્ધા રાજપૂતે ઈસુદાન સહિતના નેતાઓ અને કાર્યકરો પર છેડતીનો આરોપ મુકતા ઈસુદાન ગઢવીને મેડિકલ ટેસ્ટ માટે ગાંધીનગર સિવિલ લઈ જવામાં આવ્યા હતા. જ્યાં ઈસુદાનનો નશાનો પ્રાથમિક રિપોર્ટ નોર્મલ આવ્યો છે, જ્યારે બ્લડ રિપોર્ટ એકાદ કલાકમાં આવશે.

આ અંગે આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના મુખ્યમંત્રી કેજરીવાલે ટ્વીટ કર્યું કે, આમ આદમી પાર્ટીના નેતાઓ અને કાર્યકરો પર બર્બરતાપૂર્ણ હુમલો બેહદ નિંદનીય છે, જનતાના હકના અવાજને લાકડી-દંડાઓ કે સરમુખત્યારશાહીથી દબાવી શકાય નહીં.

ગોપાલ ઈટાલિયા સહિતના કાર્યકરોને ગાંધીનગર સિવિલમાં લઈ જવામાં આવ્યા છે. જ્યારે બાકીના આપના કાર્યકરોને સેક્ટર ૨૭ એસપી ઓફિસ લઈ ગયા છે.

ગુજરાત આપના પ્રવક્તા મિહિર પટેલે જણાવ્યું હતું કે આમ આદમી પાર્ટી (AAP) ગુજરાતના પ્રદેશ પ્રમુખ ગોપાલ ઈટાલિયા પર ગુજરાતના યુવાનો માટે અવાજ ઉઠાવવાના ગુનામાં ભાજપની કઠપૂતળી પોલીસ અને ભાજપના ગુંડાઓ દ્વારા અમાનુષી હુમલો કરવામાં આવ્યો છે.

પોલીસ લાઠીચાર્જમાં ગુજરાત AAPના પ્રમુખ ગોપાલ ઈટાલિયાને સોળ ઊપસ્યા હોવાની તસવીરો સોશિયલ મીડિયામાં વાઈરલ થઈ છે. પોલીસે દ્વારા લાઠીચાર્જ કરવામાં આવતાં ગોપાલ ઈટાલિયાને પીઠમાં સોળ ઊપસ્યા હોવાનું AAP કાર્યકરો પોલીસ અટકાયત બાદ પોલીસની વાનમાંથી તસવીરો બહાર આવી છે. પોલીસના લાઠીચાર્જમાં કેટલાક કાર્યકરોનાં માથામાં ઈજાઓ પહોંચી હોવાનું સામે આવ્યું છે. જ્યારે છઁછ કાર્યકરોને દોડી દોડીને પોલીસે માર માર્યો હોવાના વીડિયો સામે આવ્યા છે.

આજે હેડ ક્લાર્ક પેપર લીક કાંડ મુદ્દે આમ આદમી પાર્ટી ગુજરાત અને યુથ વિંગ દ્વારા કોબા સ્થિત ભાજપ કાર્યાલય કમલમ ખાતે વિરોધપ્રદર્શન યોજવામાં આવ્યું હતું, જેમાં AAP નેતા ઈસુદાન ગઢવી, ગોપાલ ઈટાલિયા, પ્રવીણ રામ, મનોજ સોરઠિયા સહિતના નેતાઓ જોડાયા હતા. જ્યારે યુથ વિંગમાંથી પ્રવીણ રામ અને નિખિલ સવાણી સહિતના ગુજરાતના રાજ્ય કક્ષાના હોદ્દેદારો જોડાયા હતા. તેઓ ભાજપના પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલને પેપર કાંડ મુદ્દે ચેતવણી પત્ર આવા માટે પહોંચ્યા હતા. પેપરકાંડ મુદ્દે ગૌણ સેવાના અસિત વોરાને તેમના પદ પરથી હટાવવા માટે માગ કરી હતી તેમ જ પેપર લીક કાંડમાં જેમની સંડોવણી છે તે તમામ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા અને અટકી પડેલી તમામ ભરતીઓ પૂર્ણ કરવા માગ કરી હતી. યુથ વિંગના પ્રવીણ રામે જણાવ્યું હતું કે આમ આદમી પાર્ટી અને યુથ વિંગ ગુજરાતના બેરોજગાર યુવાનો સાથે છે.

# ડાંગ જિલ્લામા આજે ત્રણ સ્થળોએ યોજાશે મતગણતરી




આહવા તાઃ ૨૦:

ડાંગ જિલ્લામા તા.૧૯ મી ડિસેમ્બરના રોજ યોજાયેલી ગ્રામ પંચાયતની ચૂંટણીની મતગણતરી આજે જુદા જુદા ત્રણ સ્થળોએ યોજાશે. જિલ્લા ચૂંટણી તંત્ર તરફથી મળેલી વિગતો મુજબ આજે એટલે કે તા.૨૧/૧૨/૨૦૨૧ ના રોજ સવારે ૯ વાગ્યા થી આહવા તાલુકાની ગ્રામ પંચાયતોની મતગણતરી સરકારી વિજ્ઞાન કોલેજ-આહવા ખાતે, વઘઇ તાલુકાની મતગણતરી તાલુકા સેવા સદન-વઘઈ ખાતે, અને સુબિર તાલુકાની ગ્રામ પંચાયતોની મતગણતરી તાલુકા સેવા સદન-સુબિર ખાતે યોજાશે.

આહવા ડાંગ,નરેન્દ્ર પવાર

## મોડાસા : પતિ-પત્નીએ તું મારી દીકરીની

# પોલીસ સ્ટેશનમાં આપેલ અરજીનું સમાધાન થવા દેતો નથી કહી વકીલ પર હુમલો કરતા ચકચાર

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

મોડાસા શહેરના બસ સ્ટેન્ડ પાછળ વિસ્તારમાં એક્ટિવા પર પસાર થતા વકીલને શહેરમાં રહેતા ભાટીયા દંપતીએ અટકાવી તું અમારી દીકરીએ મહિલા પોલીસ સ્ટેશનમાં તેના પતિ વિરુદ્ધ કરેલ અરજીમાં સમાધાન કરવા દેતો નથી કહી ઉશ્કેરાઈ જઈ મારા-મારી કરી બેફામ ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપતા ભારે ચકચાર મચી હતી બસ સ્ટેન્ડ પાછળ વકીલ સાથે દંપતીએ મારામારી કરતા લોકોના ટોળેટોળા ઉમટતા વકીલનો છુટકારો થયો હતો દંપતીના હુમલાથી હતભ્રત થયેલ વકીલે ટાઉન પોલીસને જાણ કરતા તાબડતોડ ટાઉન પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી મોડાસા ટાઉન પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

મોડાસા શહેરમાં રહેતા અને વકીલાત કરી જીવન નિર્વાહ ચલાવતા સંતોષ બારોટ નામના યુવાન પર દંપતીએ હુમલો કરી દેતા દેકારો મચી ગયો હતો મોડાસામાં રહેતા અલ્પેશ રતિભાઈ ભાટિયાની દીકરીના લગ્ન ઇડર ખાતે કરવામાં આવ્યા હતા પતિ-પતિ વચ્ચે ખટરાગ થતા તેમની દીકરીએ તેના પતિ ધવલ ભાટીયા અને સાસરીપક્ષ સામે માનસિક-શારીરિક ત્રાસની મોડાસા મહિલા પોલીસ સ્ટેશનમાં અરજી આપતા ધવલ ભાટિયાએ મોડાસામાં વકીલાતના વ્યવસાય સાથે સંકળાયેલ સંતોષ બારોટનો સંપર્ક કરતા તેમની સાથે મહિલા પોલીસ સ્ટેશનમાં ગયા હતા અને બંને પરિવાર વચ્ચે સમાધાનના પ્રયત્નો કર્યા હતા છેલ્લા ત્રણ દિવસથી બંને પક્ષે સમાધાનની ચર્ચાઓ થયા પછી સમાધાન ન થતા તેની અદાવત રાખી અલ્પેશ રતિભાઈ ભાટિયા અને તેમના પત્ની બિન્દુબેન ભાટિયાએ બસ સ્ટેન્ડ વિસ્તાર પાછળ થી એક્ટિવા પર પસાર થતા સંતોષ બારોટને જોઈ જતા એકાએક ઉશ્કેરાઈ જઈ અટકાવી એક્ટિવાની ચાવી કાઢી લઈ તું અમારી દીકરીની આપેલ અરજીમાં સમાધાન થવા દેતો નથી કહી મારામારી પર ઉતરી આવતા અને હું પત્રકાર છું તારી સનદ કેન્સલ કરાવી દઈશ કહી દેકારો મચાવતા લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા લોકોના ટોળા ઉમટતા બંને દંપતીએ સંતોષ બારોટને જાનથી મારી નાખવાની ધમકી આપતા ભારે ચકચાર મચી હતી દંપતીના હીચકારાના હુમલાંના પગલે ટાઉન પોલીસને જાણ કરતા ટાઉન પોલીસ પહોંચતા દંપતી રફુચક્કર થઈ ગયું હતું . મોડાસા ટાઉન પોલીસે સંતોષ નટવરભાઈ બારોટની ફરિયાદના આધારે માલપુરના અલ્પેશભાઈ રતિભાઈ ભાટિયા અને તેમના પત્ની ઈન્દુબેન અલ્પેશભાઈ ભાટિયા (હાલ રહે, મોડાસા) વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે દંપતી સામે જાનથી મારી નાખવાનો ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા

Gandhinagar nagar sector-23 tejas society ma last 9 mahina thi sarkari jamin per gerkaydesar ordi dur karva mate collector office ma arji aapel che pan gandhinagar muncipal corporation ne haji sudhi time nathi malto ene dur karvano . Jem je loko tex nathi pay karta tya dhol vagde che tem unghta sarkari adhikari ne jagdava dhol temni office same vagdva joi jethi kari ne public ne pan jaan thai ke sarkari adhikari pan ketla ketlu kaam nathi karta.*જાગતી સરકાર ના ઊંઘતા અધિકારીઓ **



## ૭૫ ઈન્ફેન્ટરી બ્રિગેડના બ્રિગેડ કમાન્ડરે

# ઈન્ડિયા 75 BRO મોટરસાઈકલ રેલી ૨૦૨૧ને ઝંડી બતાવીને પ્રયાણ કરાવ્યું

અમદાવાદ,સોમવાર, ૨૦ ડિસેમ્બર ૨૦૨૧



૭૫ ઈન્ફેન્ટરી બ્રિગેડના કમાન્ડર બ્રિગેડિયર સુધાંશુ શર્માએ ૨૦ ડિસેમ્બર ૨૦૨૧ના રોજ સ્મૃતિવન સ્મારક ખાતેથી "ઈન્ડિયા@75 BRO મોટરસાઈકલ રેલી ૨૦૨૧"ને ઝંડી બતાવીને તેનું પ્રયાણ કરાવ્યું હતું. ભારતની સ્વતંત્રતાના ૭૫ વર્ષની ઉજવણી નિમિત્તે "આઝાદીનો અમૃત મહોત્સવ" ચાલી રહ્યો છે તેના ભાગરૂપે હીરો મોટોકોર્પ અને ભારત પેટ્રોલિયમના સહયોગથી આ રેલીનું આયોજન કરવામાં આવ્યું છે.

સીમા માર્ગ સંગઠનના ૧૦ બાઈકસવારો આ રેલીમાં ભાગ લઈ રહ્યાં છે. તેઓ ૨૫ ડિસેમ્બર ૨૦૨૧ સુધીમાં બાડમેર, બિકાનેર, અમૃતસર, ફિરોઝપુર થઈને અંતે દિલ્હી પહોંચશે અને છ દિવસના સમય દરમિયાન અંદાજે ૨,૪૦૦ કિલોમીટર કરતાં વધારે અંતર કાપશે.

આ રેલીનું પ્રયાણ કરાવતા ૭૫ બ્રિગેડના કમાન્ડરે જણાવ્યું હતું કે, આ ઐતિહાસિક વર્ષ છે અને સરહદી ક્ષેત્રોમાં જ્યાં કનેક્ટિવિટી અત્યંત નિર્ણાયક સ્થિતિમાં હોય છે ત્યાં દુર્ગમ તેમજ અંતરિયાળ વિસ્તારોમાં કામ કરતી વખતે સર્વોચ્ચ બલિદાન આપનારા આપણા સીમા માર્ગ સંગઠનના પીઢ સૈનિકોને યાદ કરવા માટે આપણા માટે મહત્વપૂર્ણ છે. તેમણે ઉમેર્યું હતું કે, લોકો સાથે જોડાવા માટે અને સીમા માર્ગ સંગઠનના જુસ્સા તેમજ બલિદાન વિશે તેમને યાદ અપાવવા માટે આવા કાર્યક્રમો ખૂબ જ મહત્વના હોય છે. તેમણે તમામ સહભાગીઓને શુભેચ્છાઓ પાઠવી હતી અને તેમના સાહસની પ્રશંસા કરી હતી. કમાન્ડરે આ રેલીમાં સહકાર આપવા બદલ હીરો મોટોકોર્પ અને ભારત પેટ્રોલિયમનો પણ આભાર વ્યક્ત કર્યો હતો. આ રેલી કચ્છના રણના સરહદી વિસ્તારમાંથી પસાર થઇ ત્યારે લખપત કિલ્લાના વિસ્તારોમાં સરહદ પર તૈનાત સૈનિકો સાથે સંવાદ કરવાની તેમને તક પ્રાપ્ત થઇ હતી. બાઇકસવારોએ કોટેશ્વર મંદિરની મુલાકાત લીધી ત્યારે સમગ્ર માહોલમાં દેશભક્તિની ભાવના ફેલાઇ ગઇ હતી અને તેમણે ઉત્સાહપૂર્વક અહીં ઉપસ્થિત રહેલા સ્થાનિક લોકો સાથે સંવાદ કર્યો હતો તેમજ સીમા માર્ગ સંગઠનના જુસ્સા અને તેમણે આપેલા બલિદાન પર પ્રકાશ પાડ્યો હતો અને સીમા માર્ગ સંગઠનની અદમ્ય ભાવના બતાવી હતી. તેમણે યુવાનોને ર્ર્ઈંમાં કારકિર્દીનું ઘડતર કરવા માટે રહેલી તકો વિશે સમજાવીને તેમને પ્રતિષ્ઠિત સીમા માર્ગ સંગઠનમાં જોડાવા માટે પ્રેરણા આપી હતી. આ રેલી બાડમેર, બિકાનેરના રણ વિસ્તારોમાંથી તેમજ અમૃતસર, ફિરોઝપુરના મેદાની પ્રદેશોમાંથી પસાર થઇને અંતે ૨૭ ડિસેમ્બર ૨૦૨૧ના રોજ દેખની રાજધાની ખાતે તેનું સમાપન થશે.

## મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદ-મુંબઈ હાઈસ્પીડ રેલ પ્રોજેક્ટની સમીક્ષા હાથ ધરી

# નેશનલ હાઈસ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર સહિત ઉચ્ચ અધિકારીઓ સાથે અમદાવાદમાં બેઠક

## હાઈસ્પીડ રેલ પ્રોજેક્ટ દ્વારા રાજયમાં પ્રત્યક્ષ-પરોક્ષ મળી ૯૦ હજાર જેટલા લોકો રોજગાર અવસર મેળવશે

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદ-મુંબઈ હાઈસ્પીડ રેલ પ્રોજેક્ટ અંતર્ગત રાજ્યમાં હાથ ધરાઇ રહેલી કામગીરીની સર્વગ્રાહી સમીક્ષા હાથ ધરી હતી.

આ હેતુસર મુખ્યમંત્રીશ્રીએ નેશનલ હાઈસ્પીડ રેલ કોર્પોરેશનના મેનેજીંગ ડિરેક્ટર શ્રી અગ્નિહોત્રી અને વરિષ્ઠ અધિકારીઓ સાથે અમદાવાદમાં ઉચ્ચસ્તરીય બેઠક યોજી હતી.

મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્રસચિવ શ્રી કૈલાશનાથન તથા મુખ્ય સચિવ શ્રી પંકજકુમાર આ સમીક્ષા બેઠકમાં મુખ્યમંત્રી સાથે સહભાગી થયા હતા.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ આ પ્રોજેક્ટની વિવિધ પ્રગતિ હેઠળની કામગીરીનું વિસ્તૃત પ્રેઝન્ટેશન પણ કરવામાં આવ્યું હતું.

ગુજરાતમાં આ પ્રોજેક્ટ અન્વયે કુલ ૩૫૨ કિલોમીટર એટલે કે ૯૮ % જમીન સંપાદન કાર્ય પૂરું થયું છે.

આવી સંપાદિત જમીન પર ૩૪૩ કિલોમીટરમાં સિવિલ વર્ક શરૂ કરી દેવામાં આવ્યું છે.

નેશનલ હાઈસ્પીડ રેલ કોર્પોરેશનના મેનેજીંગ ડિરેક્ટર શ્રી અગ્નિહોત્રીએ મુખ્યમંત્રીશ્રીને આ વિગતો આપતા ઉમેર્યું કે, ગુજરાતના અમદાવાદ, ખેડા, આણંદ, વડોદરા, ભરૂચ, સુરત, નવસારી અને વલસાડ એમ ૮ જિલ્લાઓમાં સબ-સ્ટ્રક્ચર અને સુપર-સ્ટ્રક્ચરના કામો પ્રગતિમાં છે. એટલું જ નહીં, નર્મદા, તાપી, મહી જેવી મહત્વની નદીઓ જે આ ટ્રેનના રૂટમાં આવે છે તેના ઉપર પણ કાર્યવાહી ચાલુ છે.

મુખ્યમંત્રીશ્રી સમક્ષ કરવામાં આવેલા પ્રેઝન્ટેશનમાં જણાવવામાં આવ્યું હતું કે, આ પ્રોજેક્ટની કામગીરીમાં વધુ વેગ લાવવાના હેતુસર સ્ટ્રેડલ કેરિયર અને બ્રિજ ગેન્ટ્રી જેવી ભારી સાધન-સામગ્રીના ઉપયોગથી ફુલ સ્પાન બોક્સ ગ્રાઈડર ઉભા કરવામાં આવે છે.

આવું પ્રથમ ગ્રાઈડર નવસારીમાં નવેમ્બર ૨૦૨૧માં સફળતાપૂર્વક ઊભું થઈ ગયું છે.

જિયોટેકનિકલ ઈન્વેસ્ટિગેશન માટે સુરતમાં એશિયાની સૌથી મોટી જિયોટેકનિકલ લેબ પણ શરૂ કરવામાં આવી છે તેમ કોર્પોરેશનના એમ.ડી. શ્રી અગ્નિહોત્રીએ બેઠકની ચર્ચા દરમિયાન જણાવ્યું હતું.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે હાઈસ્પીડ રેલ કોર્પોરેશન દ્વારા કરવામાં આવી રહેલી ઝડપી કામગીરીની સરાહના કરતા રાજ્ય સરકારના સંપૂર્ણ સહયોગની ખાતરી આપી હતી.

સમીક્ષા બેઠક દરમિયાન આ પ્રોજેક્ટની અન્ય બાબતો અંગેની ચર્ચા પરામર્શમાં જણાવવામાં આવ્યું હતું કે, ગુજરાતમાં આ પ્રોજેક્ટના પરિણામે પ્રત્યક્ષ-પરોક્ષ એટલે કે ડાયરેક્ટ-ઈનડાયરેક્ટ મળી ૯૦ હજાર જેટલા લોકોને રોજગાર અવસર મળશે.

ગુજરાતમાં જમીન અને બાંધકામ બેય મળીને ૭૨ હજાર કરોડનું રોકાણ આ પ્રોજેક્ટ માટે થવાનું છે, તે પૈકી ૧૪,૨૦૦ કરોડનો ખર્ચ વિવિધ કામો માટે અત્યાર સુધીમાં થયો છે.

અત્રે એ નિર્દેશ કરવો જરૂરી છે કે, મુંબઈ-અમદાવાદ વચ્ચેની ભવિષ્યમાં શરૂ થનારી આ હાઈસ્પિડ રેલ ટ્રેન કલાકના ૩૨૦ કિલોમીટરની ઝડપે દોડશે. મુંબઈ અમદાવાદનું અંતર આ ટ્રેન ૩ કલાકમાં પૂર્ણ કરશે.

મુખ્યમંત્રી સાથેની આ બેઠકમાં આ પ્રોજેક્ટના વરિષ્ઠ અધિકારીઓ શ્રી અંજુમ પરવેઝ, રાજેન્દ્ર પ્રસાદ, પ્રમોદ શર્મા તથા અરુણકુમાર બીજલવાન પણ જોડાયા હતા.

# અમદાવાદ જિલ્લામાં ૧૯ ડિસેમ્બરના રોજ ૫૦૦ થી વધુ લોકોને રસી અપાઈ

અમદાવાદ જિલ્લા આરોગ્ય શાખામાંથી પ્રાપ્ત માહિતી અનુસાર ૧૯ ડિસેમ્બર, ૨૦૨૧ના રોજ જિલ્લામાં કુલ ૫૨૬ નાગરિકોને રસી આપવામાં આવી હતી. જેમાં ૫૬ નાગરિકોને પ્રથમ ડોઝ, જ્યારે ૪૭૦ નાગરિકોને રસીનો બીજો ડોઝ આપવામા આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે જિલ્લામાં કુલ ૧૯ સેશનમાં આ રસીકરણની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

નોંધપાત્ર બાબત એ છે કે અમદાવાદ જિલ્લાના ૪૬૫ ગામડાઓમાં ૧૦૦ ટકા રસીકરણ થઈ ચૂક્યું છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.